

# ગુણાતીત જ્યોત

જાણરૂપ દેહ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૮, તા.૨૧મી ઑગષ્ટ ૨૦૨૬, સંવત – ૨૦૮૨ શ્રાવણ સુદ – ૯, શુક્રવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦

રક્ષાબંધન —



૪.૮.૮૨ બુધવાર.

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજના બધા
ભક્તો તથા મુક્તો [illegible].

ગુણાતીત સમાજના સર્વ અક્ષરમુક્તો.

બાપાએ આધાર કૃપા કરી. સંપ સુહૃદભાવ
એકતા – અન્યોન્ય પૂજ્યભાવ. દિવ્યભાવ. મારાપણું
અનુભવતા – બાપાએ મધ્યબિંદુ રાખી જીવતા
મહારાજનો સમાજ સ્થાપ્યો – અને ઉપાસના રહસ્ય–
સુહૃદભાવ. મારાપણું પૂજ્યભાવ અને ગુરુભક્તિ [illegible]
સ્વ–ઉદાહરણ અને તેમની ભાવના [illegible] ભાવ
શીખવી ગયા. [illegible] કરી રહ્યા છીએ.

તો આ પ્રાર્થનામાં બાપાની [illegible]
[illegible] ભાવ [illegible] [illegible]
[illegible] [illegible] અક્ષરધામના
[illegible] રહ્યા છીએ [illegible]
[illegible] અક્ષરધામનું સુખ [illegible] તેમ
રક્ષા થાય તેમ ભાવના રાખી આશીર્વાદ [illegible]
આ રક્ષા [illegible] તો [illegible]
[illegible] થાય તેમ સ્વામીશ્રીજીને પ્રાર્થના [illegible]

ગુણાતીત જ્યોત. વતી
જય સ્વામિનારાયણ



ગુરુપૂર્ણિમાએ પ્રભુકૃપા તીર્થધામે દર્શન...



૯/૧૨/૮૨
૧૦/

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજની જય
મૂક્તાક્ષર પુરૂષોત્તમની જય
સર્વને નિર્દોષ માનો
નિર્દોષ થઈ જશો
ન મનાય ત્યાં ભજન
કરી તટસ્થ થઈ જાવ
આધ્યાત્મિક સમતામાં પછી
જે સૂઝે તે તેની ભક્તિરૂપ
કરો.
આ ત્રણ વાક્યને જીવન બનાવો.

## ઑગષ્ટ-૨૦૨૬ની આજ્ઞા... શાશ્વત પપ્પાજીની પ્રેરણા



આ...આ...આ...
યોગી તારી નિર્દોષબુધ્ધિના
ક્યાંયે ન આવે આરા (૨)
સૂઝે નહીં તારા માર્ગ અનેરા (૨)
ક્યારે આવશે કિનારા (૨)
યોગી તારી નિર્દોષબુધ્ધિના...
દિવ્ય લીલાની વહાવે તું ધારા (૨)
પ્રાર્થના કરૂં ત્યાં જોવા દિવ્યતા (૨)
કૃપા કરી દેખાડજે મને (૨)
ભૂલી તને ભમી આવ્યા ક્યાં
તેથી તો મૂંઝાયા....
યોગી તારી નિર્દોષબુધ્ધિના...





પ્રભુકૃપા તીર્થધામે હિંડોળા દર્શન...



ગુરુપૂર્ણિમાએ બ્રહ્મવિહાર -અક્ષરદેરી તીર્થધામે દર્શન...









હિંડોળા દર્શન...











તા.૨૯.૭.૨૦૨૬ : ગુરુપૂર્ણિમાએ ગુરુવંદના...














# ગુણાતીત જ્યોત

[illegible] સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.

– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... જેને ભગવત્સ્વરૂપનું બળ સર્વથી અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય. ને તેમનું બળ લેશમાત્ર હોય તે પણ મોટા ભય થકી રક્ષાને કરે છે...' (વચ.ગ.મ.૯)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું, ને ઉપેક્ષા સહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહીં.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૧૭૪મી વાત)



### દિવ્યામૃત

કોઈપણ સંજોગોમાં ક્યારેય પણ કોઈપણ નાનામાં નાના હરિભક્તનો અભાવ, અવગુણ લેવો જ નહીં.

(તા.૫.૧૨.૧૯૫૮)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૭ | પ.પૂ.દેવીબેન : સ્વયં એક સમર્પણ સંહિતા... | ૧૬ |
| પપ્પાજીની પરાવાણી... | ૮ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૧૮ |
| વચનામૃત ગ.અં.૧૧નું નિરૂપણ... | ૯ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૨૦ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજના પ્રાગટ્યદિને... | ૧૨ | પરમની આરાધના... | ૨૨ |
| પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૧૪ | સત્સંગ સમાચાર... | ૨૩ થી... |



# પપ્પાજીની પરાવાણી...

રક્ષાબંધનનું પર્વ. આપણે આત્માની રક્ષા માટે સત્સંગ કરીએ છીએ. અભાવ-અવગુણમાં પડાય નહીં. સામામાં મનુષ્યભાવ આવે નહીં. સ્વધર્મ ચૂકાય નહીં એવી જાતની ઈંદ્રિયો-અંત:કરણથી રક્ષા થાય તેવું પ્રભુ પાસે માંગીએ છીએ. બહેનોએ અખંડ પ્રભુનું નામરટણ કરતાં કરતાં રક્ષા બનાવી છે. તે રક્ષા તમને મોકલે છે. તે હાથે બાંધી, પછી છોડીને તમારી પૂજામાં રાખજો. ને પ્રભુને પ્રાર્થના કરજો કે, મારી સદાય રક્ષા કરજો. નિર્દોષબુદ્ધિ સૌમાં રખાવજો. મૂર્તિના ચિંતવનમાં રહેવાય, ગુણાતીત વર્તન કરતા થઈ જઈએ તેવી પ્રાર્થના કર્યા કરવી. પ્રભુ તમારી હાં હાં ગડથલ સ્વીકારીને બળ આપશે. ને તમારી અભીપ્સા પૂરી કરશે.

જોગીમહારાજને ગુણાતીત સમાજની સ્થાપના કરવી હતી. એમાં લોક, ભોગ, દેહ ને પક્ષ એ આવરણ કરે જ. જગતમાં રહેવાનું. લાખમાં લાધે નહીં ને કરોડમાં કોક. એમાંના આપણે બધા છીએ. આવું માની જીવવા માંડીએ તો અક્ષરધામની સમાધિનું સુખ છતીદેહે આવ્યા વગર રહે જ નહીં. આમાં જે-જે સંબંધમાં આવે તે વંદીને આવે કે નંદીને આવે કે ગાળ ભાંડીને આવે એ બધાને અક્ષરધામની સમાધિનું સુખ લેતા કરી નાખે એ જોગીબાપાની કૃપા. બધું મોજરૂપે આપવા બેઠા છે. તો મોજરૂપે આપવામાં એની પાસે કોઈ આશા રખાય જ નહીં. સંબંધમાં આવ્યો ને ! ખલાસ. એને એના પ્રારબ્ધ વાપરીને આગળ લેશે. સમજુ હોય તો સીધેસીધો, અણસમજુ હોય તો નાક દાબીને પણ અક્ષરધામની સમાધિનું સુખ લેતો કરી દેશે. આવું ઉગાડવા માટે મહાપૂજા ને પ્રાર્થના એ જબરજસ્ત વસ્તુ છે. દુનિયાની અંદર પ્રાર્થના શું કામ નથી કરતી? અશક્ય લાગતા એવા બધા જ કામ પ્રાર્થનાથી પાર પડે છે. પ્રાર્થના કરવા માટે તો આપણે ભગવાન ભજવા નીકળ્યા છીએ.

આપણને સર્વોપરી પુરુષોત્તમનારાયણ મળ્યા છે. કાળ, કર્મ ને માયાનો ભાર નથી. ગુણાતીત સમાજનો કોઈપણ સભ્ય દુ:ખી રહી શકે નહીં. મૂંઝવણ, વિક્ષેપ કે અભાવમાં જવા અસમર્થ બની જાય એવી જબરજસ્ત નિર્દોષબુદ્ધિએયુક્ત સુહૃદપ્રાર્થના કરીએ. મહાપૂજા કરીએ છીએ. તેના ફળ સ્વરૂપે હું નહીં તમે. એવું વર્તવાનું ઉગે છે. દેહ ને પક્ષથી પર થઈને અત્યારે સર્વોચ્ચ સ્થિતિ કરવાની ભાવના લઈને બધા જ મંડ્યા છીએ તેમાં બળ મળે છે. અત્યારે તો પહેલા કરતા દિવસે દિવસે સહેલું થતું જાય છે. આવ્યા ત્યારથી અક્ષરધામની સમાધિનું સુખ ભોગવતા આગળ જાય છે. કદાચ મૂંઝવણ, વિક્ષેપમાં જતા રહે તો પાંચ મિનિટમાં ભજનથી પાછા આવી જવાય તેવી જાગ્રતતા રાખીને જીવે છે.

બસ આપણે, આપણા ભગવાન, આપણું જીવન ને આપણો સ્વધર્મ. ખરેખર મહાપૂજા ખૂબ તેજદાર ચમત્કારિક છે. તેના પરિણામ આપણે અનુભવી રહ્યા છીએ. તો આપણે સૌ મહામાનવ બની અક્ષરધામની સમાધિનું સુખ ભોગવતા થઈ જઈએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

(તા.૨૯.૮.૧૯૮૫)

**પ.પૂ.હંસાદીદીનો આદેશ...**
**સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... 'વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...'**




# વચનામૃત ગ.અં.૧૧ : સીતાજીના જેવી સમજણનું...

## ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

... એમ કરીને ભજન કરીને તટસ્થ થઈ જઈએ. આપણને ગાદી ક્યાં સોંપી છે? એના ગુરુ જોશે. 'મારે તો આમાં માહાત્મ્યેયુક્ત સેવા શી કરવાની છે ? એ જ જોવાનું. પ્રભુ ! તું મને દસ ફૂટ દેખાડ. એ પ્રમાણે સેવા કર્યા કરીશ. બસ.'

અને સંબંધવાળાનો અવગુણ કોઈ રીતે લેવો નથી. 'કોઈ રીતે'માં બધુ આવી ગયું. છેક પ્રકૃતિપુરુષ સુધીના દોષ ભલે રહ્યા. એ આપણે નથી જોવા. એ જોઈને શું કામ છે ? આપણે આપણું કરી લોને ! બસ No Hows & Whys. આ દિવ્ય જુગાર જ ખેલવો છે. આટલા જન્મ ખેલ્યા એમાં આ એક વધારે. જઈ જઈને ક્યાં જઈશું ? કોઈ કહે અલા ! આ શું કરે છે ? નરકમાં જઈશ. તો કંઈ નહીં. નરકમાં જઈશું ને ! કંઈ વાંધો નહીં. એમ જુગારીની અદાથી મંડીએ તો વહેલામાં વહેલો ફાયદો થઈ જાય પણ આવી દ્રઢતા રાખવી પડે.

સીતાજીએ કહેવડાવ્યું કે તમે કાઢી મૂકો, હડે કરો, હડકારો વગર વાંકે તોય પણ તમારું ભજન કર્યા કરીશ. આપણે પાર્ટીશન થયું તોય જોગીના થઈને જીવવા માંડ્યું. જેમ સૂઝાડ્યું તેમ એમના થઈને જીવ્યા. સીતાજીના જેવી સમજણ રાખી. કોઈનુંય જોયું નહીં. ને આ બધુ જોગીમહારાજ કરાવી રહ્યા છે એમ માન્યું; તો સુખિયા થઈ ગયા. આપણે આ પ્રમાણે adopt કર્યું. ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ નહીં લેવાનો. આ આપણી અનિવાર્ય શરત છે. અક્ષરપુરુષોત્તમનો સિધ્ધાંત છે પછી બીજું કાંઈ કરવાનું ? ના. ધર્મ-નિયમ સામાન્ય હોય તો પાળજો. ન પળાય તો ના પાળશો. એકાદશી થઈ કે ન થઈ, બુટ પહેરીને ખાધું કે ન ખાધું એ બધું સામાન્યપણે રાખજો. પણ પેલામાં વાંકુ ન આવવા દેશો.

**અને વૈરાગ્ય અને ધર્મ તે તો સામાન્યપણે હોય...**

બસ એટલું હશે તો બધું આવી જશે. આપણે બધાય આ પંથે પડ્યા છીએ. ગુણાતીત સમાજ માહાત્મ્યને રસ્તે ચાલ્યો છે. ત્યાગ, વૈરાગ્ય ને ધર્મ એને માટે બહુ આગ્રહ નથી. એ ધીમે ધીમે ઉગશે. જેમ જેમ ગુરુહરિ ને ગુરુનું માહાત્મ્ય વધશે એમ પેલા ગુણ ઓટોમેટીક આવશે. એટલે કશી કોઈ વાત ફરજિયાત નથી પણ નિર્દોષબુદ્ધિની સમજણ તો રાખવી જ પડે.

આમાં બે પ્રકારના હરિભક્તોની વાત કરી. એમાં એક હરિભક્ત છે એ આપણા જેવો છે ધર્મ, નિયમ બધા સામાન્ય છે. આત્મબુદ્ધિ ને પ્રીતિ સંત સાથે થયા પછી એ ધીમે ધીમે ઊગતા જાય છે. જુઓ, આપણે આનો વિચાર કરીશું તો આપણું જીવનચરિત્ર

મહારાજે લખ્યું છે. સામો બ્રહ્મનિયંત્રિત વર્તે છે. એવી નિર્દોષબુદ્ધિ જબરજસ્ત રાખીએ, બસ આટલું પાળે તો બીજું બધું આવી જાય.

જેને પૂર્વના સંસ્કાર હોય એને જલ્દી ગુણ આવવા માંડે, બીજાને કાલે આવશે. એવી દ્રષ્ટિ રાખીએ. કોઈ આપણા ભૂતકાળના સ્વરૂપો હોય અને કોઈ આપણા ભવિષ્યના આદર્શ સ્વરૂપો હોય. કોક દા'ડો આપણે એવા જ હતા ને ! કોઈને ઓછો મહિમા હોય એટલે કંઈ સત્સંગમાં આવતા અટકી જાય ? ગુણાતીત પુરુષોને મન તો બધાય સરખા જ છે. એટલે એ આપણા ભૂતકાળના સ્વરૂપ હોય. મહિમાવાળા હોય એ વર્તમાનના સ્વરૂપ અને કાકાશ્રી જેવા, હરિપ્રસાદસ્વામી, મહંતસ્વામી, સાહેબ જેવા એ આપણા ભવિષ્યના સ્વરૂપો છે. આપણે એક વખત એવા થવાના જ છીએ એટલે આપણા એ ત્રણેય સ્વરૂપોનાં દર્શન ન કર્યા કરીએ !

**અને બીજો હરિભક્ત છે એને તો વૈરાગ્ય ને ધર્મ અતિ આકરા છે...**

જોગીબાપા કહે, 'ચાંદલો કરવાનું તિલકિયું પણ લોખંડનું ન રાખે લાકડાનું જ રાખે' એટલા બધા કડક નિયમ કે ધનને અડે જ નહીં એવા અતિ આકરા ધર્મ-નિયમ પાળે એવા વૈરાગ્યવાળા હોય. હં...

**...પણ સીતાજીના જેવી સમજણ નથી.**

બે પ્રકારના હરિભક્ત છે. એક સામાન્ય છે. અને બીજાને જ્ઞાન-વૈરાગ્ય જબરજસ્ત છે પણ સીતાજીના જેવી સમજણ નથી. અભાવ-અવગુણ લીધા કરે. અગિયારસ પોતે કરી હોય ને બીજાએ ના કરી હોય તો 'તમે અગિયારસ નથી કરી ! આટલી આજ્ઞા નથી પાળતા?' આમ છે, તેમ છે કરે એટલે કરેલી અગિયારસનું બધું ફળ પેલાને મળે ને પોતે ત્યાગ-વૈરાગ્યને લીધે બીજાનો અભાવ અવગુણ લે તો તેના કલ્યાણમાં ખામી આવે. આમ ગુણના માનને લીધે એની સમ્યક્ દ્રષ્ટિ રહે નહીં, તમે કરો કરવું હોય તો પણ બીજો નથી કરતો એ તો જોશો જ નહીં. એ જાણે ને એનો ભગવાન જાણે. આપણે જાણીએ ખરા પણ સોબત કોની કરવી ? તો અભાવ અવગુણ લે ને ઘસારાનું બોલતો હોય એની સોબત ન કરવી. મહારાજે ના પાડી દીધી. એને દૂરથી જ નમસ્કાર. હા, તમારા બાપેય મોટા ને તમેય મોટા. જય સ્વામિનારાયણ. દૂર જ રહેવું. મહારાજની આજ્ઞા છે. ત્યાં પાછા મહિમા સમજીને ન જવું. એ અભાવ લેતો હોય ને પાછો આપણામાં પેસી જાય તો મરી જવાય. એટલે વિવેકથી એવાને ૧૦ ફૂટ દૂર જ રાખવા.

**એ બે પ્રકારના હરિભક્ત છે તેમાં કયા સંગાથે અતિશય પ્રીતિ રાખીને સોબત કરવી ?**

જુઓ, હવે આપણે અતિશય પ્રીતિ રાખીને સોબત કોની કરવી ? બધાય ગુણાતીત સમાજના સભ્યો સાથે રહીએ છીએ. એમાંય કોક એવા ધર્મપ્રધાન ત્યાગની છટાવાળો હોય એની સોબત કરવાનું સહજ મન થાય, પણ એનો દેહભાવ દેખાડે કે તરત ચું... ઉં... કરતો હોય, મોળી વાત ને મોળા વિચાર કરતો હોય તો એનો સંગ ન કરીએ. જે મહિમા ગાતો હોય, દિવ્યભાવ રાખતો હોય, સેવા કરતો હોય, એનો અતિશય પ્રીતિએ કરીને સંગ કરવો. પ્રીતિએ કરીને શું ? કે એ સેવા કરતો હોય તો કરવા લાગીએ. હાં...

**પછી ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું જે, 'ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિએ કરીને સમાગમ કરવો...**

અતિશય પ્રીતિએ કરીને કરવો, જેમાં પ્રીતિ હોય એની વાત મનાય. મહિમા ગાતો હોય એવા સાથે હેત હોય તો એની વાત મનાશે. ને આપણને કંઈ દૂણાટ લાગ્યો હશે એમાંથી પાછા વળી જઈશું. શાંતિ થઈ જશે. આપણી નિર્દોષબુદ્ધિની રક્ષા થઈ જશે ને સુખે સુખે આ સાધનામાર્ગે જઈશું. મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવાનું નહીં રહે. તો ટકવાનું તો નહીં જ રહે ને.

આ વચનામૃતમાં તો મહારાજે કોઈ વાત બાકી ન રાખી. કોનો સમાગમ કરવો ? કોની વાત શ્રદ્ધાપૂર્વક માનવી ? એ ય બતાવ્યું. હવે મહારાજના વચન ન માનીએ અને ડોબાની માફક ઘસારાનું બીજું-ત્રીજું બોલે એનું સારાભાઈ થવા સાંભળી લઈએ તો

આપણા કલ્યાણમાં ખોટ પડી જાય. આપણે કલ્યાણનું જતન કરવું છે. આત્માનું જતન કરવું છે. તો આટલી શૂરવીરતા રાખીએ. સારાભાઈ થવું છે ? તો Come Next. બે જન્મ લઈ નાખો. મહારાજને વાંધો નથી. ત્યાં દ્રઢતાથી કેમ કહેવાતું નથી કે, આ મહારાજે કોઈ વચનામૃતમાં કહ્યું નથી.

એક દિવસ હું હરિપ્રસાદ સ્વામીને મળવા ગયો. અમે બધા મોટેરા મળ્યા. મિટીંગ કરી. મેં કહ્યું, 'આપણે એવા કશાક પર ચલાવો કે જોગીનો સિદ્ધાંત રહે ને બધા સુખે સુખે જાય.' પછી પ્રક.૪ની ૧૪૦મી વાત પસંદ કરી. નાના-મોટા બધાને આવડે. જ્ઞાન-ફાન કરતાં ભગવાનના ભક્તના ગુણ ગાયા કરવા. એમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જશે. પણ ફલાણો આવો ને તેવો કરીને તમારે શું કામ છે ? કોઈ નહીં સમજતો હોય તો પછી સમજશે. ક્યાં જવાનો છે ? પણ કોઈના અભાવમાં નથી પડવું ને સીતાજીના જેવી સમજણે જવું છે.

લીમડાની કડવાશ છોને રહી પણ એને મહારાજનો સંબંધ છે ને ! એમ કરી એની બે પ્રદક્ષિણા કરી લો, સારું સારું લઈ લો, બીજું બધું છોને રહ્યું એ મહારાજ જોશે. આ આખો સિદ્ધાંત. બધેય આપણા હેતવાળામાં આ ચલાવવું. તો બધા સુખે સુખે સરળતાથી જતા રહે.

એ વાત અમે બધાએ ભેગા મળીને શોધી કાઢી. કૃષ્ણજીઅદાએ પણ આ વાત સિદ્ધ કરેલી. ગુણાતીતાનંદ સ્વામીના સંબંધવાળાનો મહિમા ગાયા કર્યો તો અદા ને લાડકીબા બેય પાકી ગયા. આમાં પૈસો પડે નહીં ને ખોટનો ધંધો નહીં. અને કલ્યાણમાં પણ ખામી આવે નહીં, બરાબર ને ? હરે... વાંચો...

**...પણ અતિશય વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહીં.**

એટલે જે તે પ્રકારે અમહિમા બોલે એનો સંગ ન જ કરવો. કારણ કદાચ એવી મોળી વાત આપણામાં પેસી ગઈ તો આપણે અકળાઈ જઈએ, મૂંઝાઈ જઈએ ને એકાંતિક ધર્મમાંથી પડી જવાય. કોઈનાય અભાવ-અવગુણ કે અભિપ્રાયનો ઘાટ મનમાં પેસે તો એકાંતિકપણામાંથી પડી જવાય. બીજો કોઈ પડવાનો રસ્તો નથી. એ પડીએ નહીં એટલે ત્યાંથી મહેરબાની કરીને આઠ ગાઉ છેટા રહીએ. 'માફ કરજો ભાઈ ! આ મારે નથી સાંભળવું. મારે શું કામ છે ?' મિત્ર હોય તો આમ કહીએ. મુરબ્બી હોય ને ન કહેવાય એવું હોય તો પેટ દુખ્યું, માથું દુખ્યું કંઈ ને કંઈ બહાનું કાઢીને પણ આઘા ખસી જઈએ પણ સાંભળીએ તો નહીં જ. એ ચલાવી ન જ લઈએ. આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા સિવાયનો કોઈ સ્વાર્થ નથી. તો શું કામ કોઈની હાડાબારી રાખી એનું સાંભળી લઈએ ? પછી એ ભલે ને દેહના સગાં હોય કે સત્સંગના સંબંધી હોય પણ એનાથી દોરવાઈને સાંભળી લેવું નહીં.

**પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'યથાર્થ ઉત્તર થયો.'**

બે વાત કરવાની. સીતાજીના જેવી સમજણ રાખવાની. વગર વાંકે દુ:ખ દે, વગર વાંકે આપણું ભૂંડું બોલે, ને ટીકા કરે, હેરાન કરે પણ એ ભગવાનના સંબંધવાળા છે ! તો મહારાજ... મહારાજ... એ ખમવાનું. આપણે માથાના વાળ ખેંચવાના નથી, કે જોડા પહેર્યા વગર તડકામાં ડામરના રસ્તા ઉપર ચાલવાનું નથી કે ઉપવાસ કરવાના નથી. એ જેમ સામાન્ય રીતે થાય એમ ખાવ, પીઓ, તમારી પ્રકૃતિ પ્રમાણે કરો. પણ આ જબરજસ્ત આપણું સાધન છે.

હું અક્ષરપુરુષોત્તમનો છું, જોગીનો છું. એ શું ? કે સંબંધવાળા ગમે એમ કરે એનું નહીં જોવાનું. એનું ખમવું છે. હશે ભઈ, મહારાજ... મહારાજ... ખમી લેવું છે... નમી દેવું છે. અને કાળ, કર્મ, માયાથી ડરવું નહીં.

આ ભગતજી મહારાજનું વચનામૃત છે. સંબંધવાળાને ભગવાનની દ્રષ્ટિથી ભગતજી મહારાજ જોતા હતા તેમ આપણે જોતા થઈ જઈએ. અને આપણા તરફ સાધુની દ્રષ્ટિ રાખીએ, એવું સહજ થઈ જાય. આનંદના ફુવારા ઉડાડતા બધાય થઈ જાય એવી પ્રાર્થના.

સહજાનંદસ્વામી મહારાજની જય.



# ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૧૦મો પ્રાગટ્યપર્વ
## 'શાશ્વત સંકલ્પ પર્વે'...

શ્રીજીમહારાજના પ્રાગટ્યનો મુખ્ય હેતુ – એકાંતિક ધર્મની સ્થાપના. એ માટે તેઓ સંત સ્વરૂપે પૃથ્વી પર સદાય પ્રત્યક્ષ રહ્યા. શ્રીજી મહારાજે પોતાની દિવ્ય અસ્મિતા વચ.ગ.પ્ર.૨૭, ૫૪, વચ.ગ.મ.૫૪ અને વચ.ગ.અં.૨૬ પ્રમાણે એવા ભગવદ્‌ગુણેયુક્ત સંતો, મુક્તો થકી અખંડિત રાખી જીવનો આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાકાળ ખુલ્લો રાખ્યો. શ્રી યોગીજી મહારાજે ગુણાતીતભાવને પામેલા ગુરુહરિ પપ્પાજી મહારાજની આપણને ભેટ આપી. ઈ.સ.૧૯૫૨માં શ્રી યોગીજી મહારાજે આશિષ આપ્યાં કે, બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે ? એ કામ તમારે કરવાનું છે. આ વચનને યથાવત્ પાળી, સ્ત્રીઓ માટે અશક્ય ગણાતું પ્રકૃતિ–સ્વભાવનું પરિવર્તન કર્યું. ધર્મ, શાસ્ત્ર, જ્ઞાન, તપ કશાયનો ભાર રાખ્યા વિના, શ્રીજી મહારાજે સ્થાપેલો, શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ આચરેલો એકાંતિક ધર્મ સ્ત્રીઓને સુખેથી સિદ્ધ કરાવી એક સનાતન નૂતન યુગકાર્ય કર્યું. સાથે સાથે સંતો, યુવકો, ગૃહસ્થોને પ્રભુલક્ષી જીવન જીવતાં કર્યા. ને એક અદ્‌ભુત ગુણાતીત સમાજનું સર્જન થયું. કોટિ કોટિ વંદન છે ગુરુહરિ પપ્પાજી મહારાજને ! ધામ, ધામી ને મુક્તો દિવ્ય છે તેવી યથાર્થ સ્વરૂપનિષ્ઠાના પાયા આશ્રિતોમાં પાતાળે નાખ્યાં. વચ.ગ.છે.૨૬ના છેલ્લા ફકરા પ્રમાણે અલ્પ સંબંધવાળા પાસે પોતાનું જાણપણું રાખ્યા વિના, પ્રભુ આકારે સૌ ભક્તોમાં આત્મીયતા કરાવી. આવા પરબ્રહ્મ તત્ત્વના ધારક સત્પુરુષ મળે પછી કયા સાધન કરવાના રહે ? તેમના કૃપાધોધમાં આપણા ઈંદ્રિયો, અંતઃકરણ શુદ્ધ થઈ રહ્યાં છે. છતીંદિહે અક્ષરધામનું સુખ માણતા રહીએ તેવો તેમનો સંકલ્પપ્રવાહ વહ્યા જ કરે છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજ પોતાની આત્મકથા 'પરાભક્તિની સૌરભ'માં લખે છે કે, 'મને જન્મ આપનાર પ્રભુ જ જાણે... પણ મને લાગે છે કે, પૂર્વનો જ શ્રીજી અને ગુણાતીતનો સંબંધ હશે તેથી જેટલું દ્રષ્ટા સ્થપાયા પછી રૂપાંતર થયું તેટલું કર્યું હશે ને બાકીનું પૂરું કરવા અને તેમની સેવા કરવાની તક આપવા મહારાજે ભગવદી કુટુંબમાં જન્મ આપ્યો.'

આમાં એમના હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે કે, શ્રીજી અને ગુણાતીતનો સંબંધ હશે તેથી જ એ ગુણાતીત સાધુતાના ગુણ આપવા, એવા સંબંધવાળા મુક્તોનું ને સૌનું કલ્યાણ કરવા માટે, તેમણે આવી સેવા કરવાની તક દાસત્વભાવે ગ્રહણ કરી. અને મહારાજના સંકલ્પને સાકાર કરવા, સાધુ બહેનો થકી સાધુ બહેનોને તૈયાર કરવા ગુણાતીત જ્યોતની સ્થાપના કરી.

જે રીતે મહારાજે સાધુ, આચાર્ય, શાસ્ત્રો ને મંદિરો રચી સત્સંગ ખીલવ્યો, સર્વ ધર્મના શાસ્ત્રોનું પઠન કરી, ગુટકો કાઢી, વચનામૃત અને શિક્ષાપત્રી જેવા શાસ્ત્રો આપ્યા તે રીતે ગુરુહરિ પપ્પાજી મહારાજે આચરણથી સર્વ ધર્મના સાધકોને મહામાનવની સાધના કરવાની પ્રેરણા મળે તેવો સંજીવની મંત્ર અને અનુપમ પુસ્તક–૫,

૬, ૭, ૮માં શાસ્ત્રોનો ગુટકો આપી જીવનદોરી બતાવી.

શ્રીજી મહારાજે મંદિરો સ્થાપી મૂર્તિ પધરાવી નીતિ-રીતિની દિશા બતાવી ધ્યેય સિદ્ધ કરવાની પ્રેરણા આપી તેમ ગુરુહરિ પપ્પાજી મહારાજે જંગમમંદિર સમા સદ્‌ગુરુ સ્વરૂપો આપી સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરાવી.

આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું કાર્ય જીવની અભેદ્ય ભેખડ ભેદવાનું કાર્ય કરી ચૈતન્યોને ૧૧ ઈલ્કાબ અપાવ્યા. ક્યા ૧૧ ઈલ્કાબ?

પૃથ્વી પર અખંડ માનવદેહે ભગવાન પ્રત્યક્ષ છે. સર્વોપરી કર્તાહર્તા છે તેવી જીવમાં ગેડ બેસી જાય પછી અંતરમાં એવું મનાયેલું રહે કે –

૧. દ્રષ્ટાવાળો ગમે તેવો હોય પણ તે ભગવાનને ગમે છે.
૨. કાળ એનો નાશ કરી શકતો નથી. જન્મોજન્મ એ આત્મારૂપે જીવે છે.
૩. કર્મનું એને બંધન નથી. ભગવાન એને ઊંચનીચનો જન્મ દેતા નથી. એ અક્ષર રૂપે જ વર્તે.
૪. માયા એને લોપી શકતી નથી.
૫. એના પર ભગવાનનો જ કાયદો ચાલે છે.
૬. ભગવાન એની ચરણરજ માથે ચઢાવે છે. એટલે આવા જીવને જે પૂજે તેને ભગવાન હેત કરે ને દ્રોહ કરે તો નખ્ખોદ નીકળી જાય.
૭. એની સેવા કરવા ભગવાન ઈચ્છે છે એટલે એના મનોરથ પૂરા કરે છે.
૮. એને આંતરડી કકળે તેટલી હદ સુધી દુઃખવતા ભગવાન પણ ડરે છે.
૯. દ્રષ્ટારૂપ બની પોતે દેહભાવથી પર વર્તે છે. પોતાના સ્વરૂપને 'હું બ્રહ્મ છું' એમ માને છે. એટલે દુઃખરૂપ દેહભાવ જોડે ભળતો નથી.
૧૦. એનું દર્શન ભગવાનના દર્શન સમાન છે.
૧૧. એ દેહભાવથી પર થઈ જીવોને દેહભાવથી પર કરી બ્રહ્મભાવમાં રહેતા કરવાની ભગવાનની સેવા કરે છે. એવા એ મહાન છે.

આમ વચ.ગ.પ્ર.૩૭ સિદ્ધ કરાવ્યું. ને દિવા જેવા સંત બનાવી પ્રગતિ કરાવી.

વચ.ગ.અં.૩૫ પ્રમાણે પ્રસંગે પ્રકૃતિ-પુરૂષથી પર સાક્ષીભાવે, આત્મારૂપે જીવવાની સૂઝ શક્તિ આપી મશાલ જેવા સંત બનાવ્યા.

અને પ્રગતિ કરાવતા વચ.ગ.અં.૨૬ સિદ્ધ કરાવવા, સંકલ્પના રોગ ટાળવા, સાધકો પોતે પોતાના અંગે નબળાઈ શોધે અને એ ટાળવાનો યત્ન કરે તેવી લોક, ભોગ, દેહ, પક્ષથી પર થવા 'પરમ કૃપાનિધિ' ગ્રંથમાં સ્વરૂપલક્ષી સાધનાની સૂઝ આપી, વીજળી જેવા સંતો બનાવ્યા ને વારસ સ્વરૂપો આપ્યા.

આવા યુગકાર્યોથી એ સ્વયમ્ વડવાનળ સમ પરબ્રહ્મશક્તિધારક સ્વરૂપ છે તેવી સૌને પ્રતીતિ થઈ.

વચ.ગ.પ્ર.૨૭ જેવા સાધુ પણ બની શકાય છે તેવા અશક્ય કાર્યો શક્ય બનાવવા ગુરુહરિ પપ્પાજી મહારાજે સ્વયમ્ સાધના કરી અને સાધકોને ઉપયોગી થાય તેવા સારરૂપે પોતાના જીવનદર્શનમાં લખ્યું છે કે, 'I am paying the cost of my kalyan...' અમારા વખતે બનતાં પ્રસંગોમાં શરૂઆતમાં મને આ દેખાતું હતું ને ગૂંચવણ રહેતી હતી કે, આવા લબાડ જેવાનો બાપા શું કામ પક્ષ રાખે છે ? બાપા શું કામ એમનું ચાલવા દે છે ? સાકાર બ્રહ્મને કોના બાપની પડી છે? આમ હું સત્સંગમાં આવ્યો ત્યારે મને થતું હતું. અને બાપાએ તો સત્સંગી ગમે તેમ વર્તતો હોય પણ તેનો દોષ નહીં જોવાનો આવું વચન – આજ્ઞા મને આપી. હવે કલ્યાણ એમને હાથ છે અને એ કહે 'નહીં જોવાનું.' તો No Hows & whys. એ મને દિવ્ય બનાવવાના છે તો એમની શરત હું નહીં પાળુ તો મને કઈ રીતે દિવ્ય બનાવશે ? એમ આજ્ઞા પાળવાની રુચિ રાખી તો બળ એમણે આપ્યું.

તો એવું બળ આપનાર ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમના સંકલ્પથી પ્રત્યક્ષ છે જ. આપણને ગ્રહણ કર્યા છે તે ધ્યેય સિદ્ધ કરાવીને અક્ષરધામના સુખ, શાંતિ, આનંદ ભોગવતા કરવાના જ છે. એ જ શ્રદ્ધાએ સહિત ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્યને વધાવતા તેમનું કાર્ય બનાવવાના સંકલ્પનો ધ્વજ લહેરાતો રાખીએ ને શાશ્વત સંકલ્પ પર્વને સાચા અર્થમાં ઉજવીએ એ જ તેમના ચરણે પ્રાર્થના.



# પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિને...

ભગવાન સ્વામિનારાયણનું વારસ સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજ ને તેમના ધારક સ્વરૂપ ગુણાતીત સંત એ દિવ્ય બેન ! આવા દિવ્ય સંતને શ્રીજીના વારસ સ્વરૂપ પોતાની સાથે જ પૃથ્વી પર લઈને આવતા હોય છે. જે એમના અભિપ્રાયની ભક્તિમાં નિર્ભય રીતે પોતાપણાના ભાવ વગર ભળી શકે. સમાજના પ્રત્યેક મુક્તને એમની સાહજિકતાએ, એમની લાક્ષણિકતાએ યોગીબાપાની ઝાંખી થાય. અસલ જોગી બાપાની સ્મૃતિ ને કાઠીયાવાડી બોલીથી આનંદ આનંદ કરાવી દે. યોગીબાપાની માફક ભણતર કરતા ઘડતરમાંથી પસાર થયેલુ વ્યક્તિત્ત્વ આપણને સૌને પ્રાપ્ત થયું. એમના પ્રત્યેક શબ્દ કે વચનમાંથી હંમેશા આશિષભર્યા અમી વહેતા હોય. એમની કોઈપણ ક્રિયા કે હલનચલનમાં પોતાના કર્તાહર્તાપણાની ઝાંખી માત્ર ન દેખાય. એમના ભાવોમાં પ્રભુ તરફની ભક્તિ કે પૂર્ણ વફાદારીના દર્શન થાય.

પ.પૂ.બેન એક એવી દિવ્ય વિભૂતિ જેના વિચારમાં, વાણીમાં, વર્તનમાં, સંકલ્પ, ભાવ, ક્રિયામાં કેવળ એક પ્રભુ જ... પ્રભુ સ્વરૂપ પપ્પાજી એ જ એમનું જીવન હતું. ૧૧ વર્ષની વયથી પ્રભુની ભક્તિમાં તરબોળ બન્યા. જગતને ભૂલ્યા. અને એવી ભક્તિ છેક સુધી કર્યા જ કરી. તો પ્રભુમય બની, પ્રભુરૂપ બની ગયા. સંબંધમાં આવનારને પ્રભુનો જ રંગ લગાડી જગત ભૂલાવી, અંતરજગત ખેરવી પ્રભુમય બનાવ્યાં. તેમની અદ્‌ભુત પરાભક્તિને જે જે મુક્તોએ માણી છે તેમાંથી આપણે પૂ.સવિતાબેન દરજી, લેસ્ટરની અનુભૂતિને માણીએ...

બેનનો મહિમા અજોડ ને અપરંપાર છે. અમે જ્યારે જીંજા રહેવા ગયા ત્યારે મારા સાસુ બેનને ઓળખે. પણ મારે ઓળખાણ થઈ ન હતી. બેન અમારા ઘર પાસેથી પસાર થાય ત્યારે તેમનાં દર્શન થાય. અક્ષરધામના દેવી લાગે. દિવ્ય તેજ તેજ લાગે. મને બહુ જ ગમે. બેન જ્યારે ફ્રી હોય ત્યારે બધાના ઘરે સંભાળ લેવા નીકળે જ. એવી રીતે એક દિવસ માસીબા અને બેન મારા ઘરે પધાર્યા. મને આનંદ આનંદ થઈ ગયો. પછી બેને કહ્યું, ‘અમે દરરોજ સત્સંગ કરીએ છીએ તો તમે આવજો.’ બીજે દિવસથી હું જવા લાગી ને વર્તમાન ધરાવ્યા. બેને મને હરિ ચરિત્ર ચિંતામણી પુસ્તક વાંચવા આપ્યું. કથામાં પણ દરરોજ વાંચવાની સેવા આપી.

એમ કરતા જીંજામાં મંદિરની જગ્યા લેવાણી. મંદિરના પાયા ખોદવાનું શરૂ થયું. ત્યારે બેને પોતે જાતે કોન્ક્રીટ સિમેન્ટના તબાસરા માથે ઉપાડીને પાયા પૂર્યા. ઘણા બહેનોને તેમની સાથે સેવા કરવાનો લાભ મળ્યો. હજુ પણ યાદ છે કે આખા ગામમાં મંદિરની સેવા માટે એક એક ઘરે ફરી દરેક જીવનું કલ્યાણ કરવા બેને સેવા લીધી. એક શિલીંગ આપે તો એક લઈને પણ જીવને સંસ્કાર પાડ્યા.

બેનનો પહેલેથી જ પ્રભાવ એવો કે વ્યક્તિ તેમનું વચન પાછું ઠેલે નહીં. એમના દર્શનમાત્રે અંતરમાં દિવ્યતાનો સ્પર્શ થયા વિના રહેતો નહીં. મંદિર

બાંધવામાં ઘણી મુશ્કેલીઓ આવી પણ બેન બાપાને પ્રાર્થના કર્યા કરતા. બેને અમને પપ્પાજીમાં પાકી નિષ્ઠા કરાવી છે. અને સુખી કર્યા છે.

એક વખત મને અડધા અંગમાં પેરાલીસીસ થઈ ગયો. બેનને ખબર પડી કે તરત જ જ્યોતમાં ધૂન ચાલુ કરાવી અને કહી દીધું કે, આવી બીમારી ન જોઈએ અને જાણે વિજળીનો સંચાર કર્યો હોય તેમ મારા હાથ પગની આંગળીઓ હલવા માંડી. અને હરતી ફરતી કરી દીધી! આવી ભયંકર બીમારીમાં એમણે જ મારી રક્ષા કરી છે. બેને અને પપ્પાજીએ અમારા જન્મ–મરણના ફેરા ટાળી સુખી કર્યા છે. એમના દર્શનમાત્રે અંતરમાં દિવ્યતાનો સ્પર્શ થયા વિના રહેતો નથી. એમની વાણીમાં એક જ ઉદ્‌ગાર ઓહોહો ! આવા પપ્પાજી ! ધન્ય ભાગ્ય ! મને અને આપણને બેન ના મળ્યા હોત તો આપણું શું થાત ? પૃથ્વી પર આવા કોઈ સત્પુરૂષ નથી. એને ઓળખી લ્યો ! ધારી લ્યો ! માણી લ્યો ! જીવન ધન્ય બની જશે. માનવદેહ મળ્યો તો જીવન જીવી લ્યો ! તેવો મહિમા અમારામાં ઉગાડ્યો છે. તેવા બેનનું વચન અમારું જીવન બને એ જ પ્રાર્થના.

**પૂ.નટુભાઈ દત્તાણી**, લંડન બેનના મહિમા વિશે કહે છે કે, સ્વામિનારાયણ ભગવાન એટલે શું ? એ જ ખબર ન હતી. ઈ.સ.૧૯૬૩માં મારા લગ્ન થયા. ત્યાર બાદ ખબર પડી કે સ્વામિનારાયણ ભગવાન છે. એકવાર જીંજામાં બાપાના દર્શન કરેલા. યુગાન્ડાના વાતાવરણને લીધે અમો ઈ.સ.૧૯૭૦માં દેશમાં આવ્યા ત્યાં પૂ.બેનની ઓળખાણ થઈ. મારા પત્ની ભાનુના ગુરુ બેન. એટલે તેઓ બરોડા અવારનવાર ઘરે આવે. ત્યારે મારા પર બેનની દ્રષ્ટિ પડી ગઈ. મારા હૈયામાં બેનની મૂર્તિ બેસી ગઈ. અને ઝીણી સૂઝ પડતી ગઈ. બેનની કૃપાથી ટ્રાવેલીંગ એજન્સીમાં કામ મળ્યું. તેથી બસમાં આવવા જવાનું થતું.

એકવાર ગામડામાં બસ જતી હતી અને એકદમ સાંકડો રસ્તો આવ્યો. બંને બાજુ ખીણો. તેમાં બસ એકદમ ઊંધી પડવાની તૈયારી. ત્યારે મારાથી સહજ ભજન થઈ ગયું. એ જ વખતે મને એક જ આંગળી પર પૂજ્ય બેને આખી બસ પકડી રાખી હોય તેવા દર્શન થયા. બેને ખૂબ જ રક્ષા કરી. સહેજ સંભાર્યા કે આવીને ઉભા રહ્યાં. ત્યારથી બેન પર એકદમ શ્રદ્ધા ને વિશ્વાસ બેસી ગયા.

ત્યાર પછી ઈ.સ.૧૯૮૦માં બેનની આજ્ઞાથી લંડન આવવાનું થયું. બેને આશીર્વાદ આપ્યા કે લંડન જઈને ખૂબ સુખી થશો. લંડન આવ્યા અને તેમના વચને, કૃપાએ સેટલ પણ થઈ ગયા. બેનના આશીર્વાદથી પપ્પાજીનું માહાત્મ્ય પણ સમજાયું. ને ગુણાતીત સમાજમાં મારો નંબર લાગી ગયો.

પપ્પાજીએ આશીર્વાદ આપેલા કે, દેશમાં ભીડો વેઠ્યો છે તો લંડન જઈને ખૂબ જ સુખી કરવા છે. તેમની કૃપાથી અત્યારે સુખી છીએ.

તો હે બેન ! તમારા માળાના મણકામાં ને પપ્પાજીના હૈયામાં અમારો નંબર લાગી જાય ને લંડન જ્યોત મિશનની સેવામાં ખોવાઈ જઈ તમને ને પપ્પાજીને રાજી કરી લઈએ એ જ પ્રાર્થના.

જેમણે ગુરુહરિ પપ્પાજી મહારાજ અને દિવ્ય બેનને સર્વોપરીભાવે માણ્યા છે, અનુભવ્યા છે અને સુખી થયા છે તેવા સાધકોને તો ખાસ કહેતા કે મેં સત્સંગમાં ખૂબ ખૂબ અનુભવ કર્યા છે સૌનેય જોયા છે. પણ આખા બ્રહ્માંડમાં પપ્પાજી જેવા સત્પુરૂષ ક્યાંય જોયા નથી. એનો જોટો મળે તેમ નથી. એની પ્રાપ્તિ થઈ છે તો આળસ, પ્રમાદ રાખવા નહીં. પણ એમને જેવા છે તેવા ઓળખી લેવા. આવા સત્પુરૂષ નિર્બંધ બનાવી શકે. એ એક જ એવા છે ક્યાંય બંધાયા નથી, આપણને બંધાવા દેશે નહીં.

આજે દિવ્ય બેનનો ૬૩મો સ્વરૂપાનુભૂતિદિન. બેને સૌમાં મહારાજ જોઈને મહારાજને ધારી લીધા અને એના માટે બેને સાધના કરી તેમાં એક પ્રેરણારૂપ વચન આપ્યું કે, 'બ્રહ્મને પરબ્રહ્મ વગર કોઈ મૂંઝવે નહીં.' પોતે બ્રહ્મ બનીને દરેકમાં પરબ્રહ્મના દર્શન કર્યા એ વચનને અમે વાગોળીએ ને એનું મનન ચિંતન કરી સાધુતા પ્રાપ્ત કરવા સદાય જાગ્રત રહીએ એ જ અંતરની પ્રાર્થના.



# પ.પૂ.દેવીબેન : જીવન એક સમર્પણ સંહિતા...

આપણા સૌના વહાલા પ.પૂ.દેવીબેનનો ૯૦મો પ્રાગટ્ય પર્વ – બ્રહ્માનંદી તેજ પર્વ. 'બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી તે જ આત્યંતિક કલ્યાણ' એવા આત્યંતિક કલ્યાણના માર્ગે નીકળેલા સર્વ કોઈ માટે એક મહત્ત્વનો ગુણ છે : 'સમર્પણ.' સમર્પણના યજ્ઞમાં હોમાયા બાદ જ બ્રહ્મતેજ પ્રગટે છે. દેવીબેનનું જીવન સ્વયં એક સમર્પણ સંહિતા છે. એ સમર્પણ સંહિતામાંથી અલ્પ પ્રસંગોનું મનન કરીએ.

**મનનું સમર્પણ :** દેવીબેને ભગવાન ભજવાના રાહે અપાર વિરોધો સહન કર્યા. જ્યારે બાપાએ આજ્ઞા કરી કે 'પાર્લાવાળા બેનને ઘરે મોકલો.' ત્યારે દેવીબેનનું મન આ વાત સ્વીકારવા તૈયાર નહોતું. પણ જ્યાં પપ્પાજીએ કહ્યું, 'આ મંગુ બોલે છે ?' એ એક જ વાક્ય સાંભળતા જ મનનું સમર્પણ થઈ ગયું. પછી કોઈ દિવસ મન સ્વતંત્ર વર્તી જ નથી શક્યું. ઘરે ગયા પછી ત્યાં પણ જે કોઈ પ્રસંગો આવ્યા તેમાં કોઈ દિવસ જણાવવાના કે નિષ્કપટ થવાના ભાગરૂપે પણ પપ્પાજીને ઓશિયાળા કર્યા નથી.

**બુદ્ધિનું સમર્પણ :** આપણને સૌને ખબર છે કે ગુરુહરિ પપ્પાજી મહારાજ દેવીબેનને કુશાગ્રબુદ્ધિશાળી કહેતા. કારણ ? દેવીબેને હંમેશા બુદ્ધિનો ઉપયોગ કલ્યાણને અર્થે જ કર્યો.

ઈ.સ.૧૯૬૬માં જ્યારે બહેનો તારદેવથી વિદ્યાનગર ભગવાન ભજવા આવ્યા ત્યારે દેવીબેનના દેહમાં અસહ્ય બીમારી આવી. ડૉક્ટરે કમ્પલીટ બેડરેસ્ટ કરવાનું કહ્યું. ને એવામાં ગુરુહરિ પપ્પાજી મહારાજે પૂ.ફોઈને દેવીબેનને લીસા ચોકમાં આંટા મરાવવાનું કહ્યું. દેહમાં તાકાત જ નહોતી કે એ શક્ય બને. પણ પ્રત્યક્ષના વચનથી સર્વોપરી વસ્તુ કઈ ? એમ બુદ્ધિનું સમર્પણ કરી દીધું. ને આશ્ચર્ય ! એ આજ્ઞાના ફળ સ્વરૂપે બીમારીએ વિદાય લઈ લીધી.

**ચિત્તનું સમર્પણ :** દરેકના ચિત્તમાં સ્હેજે જ પોતાની માન્યતા, ગ્રંથિઓ, જૂના પ્રસંગો પરથી પડેલા વ્યક્તિત્ત્વના બીબા છપાયેલાં જ હોય પરંતુ દરેક પળે દેવીબેનના ચિત્તમાં પ્રભુ ભક્તિ સિવાય, પ્રભુના સંબંધ સિવાય કોઈપણ ચિંતવન રહ્યું જ નથી. તો વળી સાધકોને પણ એ જ માર્ગે દોર્યા છે.

એકવાર દેવીબેન વિચરણમાં ગયા હતા. ત્યાં તેમને એક સાધકબેન મળવા આવ્યા. વાત કરતાં કરતાં દેવીબેને પૂછયું કે, 'તું સિનેમા જુએ છે ?' એ બેને સહજભાવે કહ્યું, 'હા. કંઈ સારું હોય તો જોઉં.' દેવીબેન કહે, 'ભગવાન વગરનું બધું ધૂળ જેવું છે. પછી એમાં કઈ ધૂળ સારી ને કઈ ધૂળ ખરાબ ?' આમ જીવન જીવવાનું સત્ય આપી દીધું.

**અહંનું સમર્પણ :** દેવીબેન હજુ તારદેવના યોગમાં નવા આવ્યા હતાં. ઘરની સહજ સાલુકાઈ અને વિવેકને કારણે તેમને એમ થાય કે આપણાથી કોઈના ઘરનું ખવાય કે કોઈના ઘરે રાત્રિરોકાણ ના કરાય. એ તેમની માન્યતા. એવામાં એકવાર તેઓ તારદેવ હતા ને પુષ્કળ વરસાદ પડ્યો. પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેને તેમને

કહ્યું કે આજે રોકાઈ જાવ. ના જશો. પણ હજુ એટલી આત્મીયતા નહોતી થઈ તેથી તેમનું મન આ માનવા તૈયાર નહોતું. પણ એવામાં પપ્પાજી તેમના સોફામાંથી ઉઠ્યા ને કહ્યું કે, 'ઘરે શું મેથીના દાટ્યા છે?' ને દેવીબેનના પગ આપોઆપ જ પોતાની મેળે જ પાછા વળવા માંડ્યા. તેઓને પોતાને પણ આશ્ચર્ય થયું કે આ શું થઈ રહ્યું છે ? પણ જ્યાં સત્પુરૂષને અહમ્‌નું સમર્પણ થઈ ગયું ત્યાં પોતાની માન્યતા કે કાંઈ રહી શકે જ કેમ ? એક જ વાક્યમાં પોતાના અહમ્‌નું સમર્પણ થઈ ગયું.

**સંકલ્પનું સમર્પણ :** ઈ.સ.૧૯૬૯ની સાલમાં ગુરુહરિ પપ્પાજી મહારાજે પ્રથમવાર દેવીબેનને પરદેશ મોકલ્યા. દેવીબેનને ત્યારે જ થયું કે મેં એવી શું ભૂલ કરી હશે કે પપ્પાજી મને પરદેશ મોકલે છે ? અને પછી તો દર વર્ષે પપ્પાજી એમને પરદેશની ધર્મયાત્રાએ મોકલે. દેવીબેનને જવાનું ન ગમે. તેમણે જ્યોતિબેનને વાત કરી. તો જ્યોતિબેન કહે, 'એક-બે વાર ના પાડવી. પછી પણ જો કહે તો હા પાડી દેવી.' ને એવી રીતે પપ્પાજીએ ત્રીજી વાર કહ્યું એટલે હા પાડી દીધી ને અહોહોભાવે ગયા. સંકલ્પમાં પણ ઓશિયાળા ના કર્યા કે હું નહીં જાઉં. પ્રભુના વચન આગળ સ્હેજે સમર્પણ કરી દીધું.

**ભાવનું સમર્પણ :** ભાવ અને ઉર્મિઓ એ અંત:કરણમાં સ્હેજે જ વણાયેલા જ હોય. જે રૂપાતંરની ક્રિયામાં છૂપી રીતે ભાગ ભજવી સ્વરૂપની અનુવૃત્તિ ચૂકાવી જાય અને સાધકને ખબર પણ ના પડે.

એકવાર તારદેવમાં પપ્પાજી અને દેવીબેન વાત કરતા હતા. ને પપ્પાજીએ કહ્યું, 'રાજી રહેશો.' સાથે પૂ.મણીબા ત્રિવેદી હતા. તેમને મનમાં પ્રશ્ન થયો એટલે તેમણે દેવીબેનને પૂછ્યું કે, 'આપણે રાજી રહેવાનું કે એમણે ?' દેવીબેન કહે, 'આપણે રાજી રહેવાનું. જ્યારે રૂપાંતર કરે ત્યારે તેમનામાં મનુષ્યભાવ નહીં લાવવાનો. આપણે આનંદથી દેહભાવ ટાળવા દઈએ એટલે એમાં એ રાજી જ રહે ને !'

**ક્રિયાનું સમર્પણ :** ગુણાતીત સંત હોય તે જેટલી ક્રિયા પ્રત્યક્ષની ભક્તિરૂપ હોય તેટલી જ કરી શકે. તારદેવ ભગવાન ભજવા આવી ગયા બાદ દેવીબેનને થાય કે બધા આટલી બધી સેવા કરે અને મારે ટેબલ-ખુરશી પર બેસી રહેવાનું ? અને પગાર તો સીધો બેંકમાં જ જમા થાય છે. પૈસાની તો જરૂર નથી. નોકરી કરવાની શી જરૂર છે ? ઘણી મથામણ પછી પપ્પાજીને કહ્યું કે, 'બાબુભાઈ, મારે નોકરી નથી કરવી.' પપ્પાજીએ ઉતાવળે અવાજે ને મોટી આંખે કહ્યું, 'મને બધી ખબર છે નહીં કરવાની હોય ત્યારે સામેથી કહીશું.' તે દિવસથી જ મનાઈ ગયું કે હવે તો ઠરાવ કરવો જ નથી કે નોકરી છોડી દેવી છે. સત્પુરૂષના વચને વિધિ ને વચને નિષેધ.

**આધ્યાત્મિક સમર્પણ :** પરબ્રહ્મતત્ત્વ એક એવી શક્તિ છે કે જેનું સીધું તેજ ઝીલવું એ દરેકની શક્તિની બહારની વાત છે. પપ્પાજી સ્વયં એવું પરબ્રહ્મતત્ત્વ. તેમની અનુવૃત્તિ, રુચિ, રહસ્ય, અભિપ્રાય સમજવા એ બુદ્ધિ બહારની વાત છે. એ માટે દેવીબેન સંબંધમાં આવનાર સર્વ ચૈતન્યો માટે એક મધ્યસ્થી તરીકે રહ્યા. ચૈતન્યો પપ્પાજીની નજીક જઈ શકે, પપ્પાજીની મરજી પ્રમાણે જીવન જીવી શકે તે માટે ખૂબ દાખડો કર્યો. તે અંગે ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ છે તેનું વાંચન કરીએ :

તા.૨૭.૮.૮૨

**સદા દિવ્ય સાકાર સ્વ સ્વરૂપ દેવી !**

**તું તો મારા જેવું જ ચૈતન્યને સાચવવાનું કામ કરી જ રહી છું. હું ખૂબ રાજી છું જ. તારી ધ્યેયનિષ્ઠા, આધ્યાત્મિક સમતામાં રહ્યા જ કરવાના હેવા પાડવારૂપી ધગશ ને તીવ્રતાભરી અંતર્દ્રષ્ટિનું જાગ્રત અને જાણપણાનું જીવન જાણી ખૂબ રાજી છું જ.**

**- તારા જ પપ્પાના જય સ્વા.**

હે દેવીબેન ! આપને રાજી કરવાનું ધ્યેય લઈને, આપના જીવન પ્રસંગોનું મનન કરી, આપના આચરણ સંદેશને અમારા વર્તનમાં વણવાની જાગ્રતતા અર્પો એ જ આપના ચરણોમાં પ્રાર્થના.

## શાશ્વત સંકલ્પ પર્વ...

આપણે સૌ સદા દિવ્ય સાકાર અક્ષરમુક્તો છીએ. શ્રીજીમહારાજે તેમના પ્રાગટ્ય વિ.સં.૧૭૮૧ એટલે કે ૨૪૫ વર્ષ પહેલા સબંધયોગનું સ્થાપન કર્યું. અને આપણે સૌ આજે વિ.સં.૨૦૮૨માં તે સંબંધયોગની શાશ્વતતાને માણી રહ્યાં છીએ. ૨૪૫ વર્ષ વીત્યાં. આપણે સંબંધયોગે પ્રગતિ કરતાં ચૈતન્યો જ છીએ. જેની પર શ્રીજીમહારાજે દિવ્ય દ્રષ્ટિ કરી અને અનેક જન્મની સંશુદ્ધિ કરાવતાં કરાવતાં આ જન્મે પ્રત્યક્ષ અતિ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ગુરુહરિ પપ્પાજીની દ્રષ્ટિમાં આવીએ તેવા જોગ–સંજોગ ગોઠવાયા. તેથી આપણી જીવનયાત્રા આ જન્મ જ નહીં પણ છેલ્લા ૨૪૫ વર્ષમાં કેટલા જન્મ, ક્યારે, કેટલા, કોણ, ક્યાં તેની સ્મૃતિ આપણને નથી પણ શ્રીજીની સંકલ્પ શક્તિ અને આર્ષદ્રષ્ટિથી... જ્યાં આપણી આધ્યાત્મિક પ્રગતિ થાય તેવો ને ત્યાં જન્મ આપ્યો !

આજે આપણે સૌ સામાન્ય દેખાતા માનવો જ છીએ. પંચવિષયથી ભરેલા અને અનેક પ્રકારના અહંતા, મમતા, વાસનાયુક્ત જીવનના વ્યવહાર કરી રહ્યા છીએ. છતાં પણ પ્રભુ પ્રત્યક્ષની દ્રષ્ટિ પડી, સબંધ થયો તેથી જૂના પ્રારબ્ધ ધોવાઈ રહ્યા છે. અને નવા ઉભા થાય જ નહીં તેવી મહાપૂજામાં સંકલ્પ, પ્રાર્થના આપણા ગુણાતીત સ્વરૂપો કરી જ રહ્યા છે. ક્યારેક પ્રારબ્ધ વાપરે અને પરીક્ષા લે છે પણ બળ આપીને, અંતર્દ્રષ્ટિ કરાવીને, તે અહંતા મૂકાવીને આત્માનું શુદ્ધિકરણ કરી જ રહ્યા છે તેથી જ આપણા સૌની, સૌ શ્રીજીના સંબંધવાળાની, કક્ષા–ભૂમિકા ‘અક્ષરમુક્ત’ની થઈ રહી છે ને આગળ વધીને ‘ગુણાતીત ભાવના ધારક ચૈતન્ય સ્વરૂપ’ બનાવીને જ જંપશે.

મહારાજનું બિરૂદ - ધ્યેય - સૌને સંબંધે ગુણાતીતભાવમાં રહેતા કરવાનું તે બિરૂદ – કાર્ય તેમના વારસદારોને સોંપ્યું અને તે રીતે આધ્યાત્મિક પરંપરા વહેતી રહી છે. સાંપ્રતકાળે શ્રીજી સ્વરૂપ યોગીજીની આર્ષદ્રષ્ટિથી બાબુભાઈ નાથાભાઈ પટેલ – ૩૬ વર્ષની ઉંમરે ગૃહસ્થાશ્રમી હોવા છતાંયે આત્મસાક્ષાત્કાર પામ્યા અને શ્રીજી–યોગીજીનું કાર્ય શિરોમાન્ય કર્યું. અને આપણી જીવનયાત્રાને શાશ્વતયાત્રા બનાવી રહ્યા.

આપણે સૌ – હું, તમે, એ બધા જ પોતાના હૃદય પર હાથ રાખીને આંતરમનન કરીએ... શું ? આપણો આ જન્મ ક્યાં, કોના ઘરે, કયા માતાપિતાના આશ્રયે થયો ? એમાં આપણી કોઈ જાગ્રતતા કે ઈચ્છા ચાલી હતી ? આપણે જે સમામાં, પૃથ્વી પર અવતર્યા તે સમો કેવો? સમગ્ર પૃથ્વીના પુણ્યશાળી દેશ ભારતમાં, વળી ગુજરાત પ્રદેશમાં અથવા તો સૌરાષ્ટ્ર દેશમાં કોણે ગોઠવ્યું ? ક્યાંક વિદેશે જન્મ્યા તો પણ ભારત અને ગુજરાતનો સ્પર્શ તો ખરો જ ને ! માનવરૂપે જીવન આપ્યું તો ૮૪ લાખના અનંત જન્મો પૂરાં કરીને અમૂલ્ય માનવદેહ આપ્યો ! માનવદેહમાં જ મન આપ્યું અને મનમાં આત્મચેતના જાગ્રત કરવાના જોગ–સંજોગ આપ્યા. ક્યાં, ક્યાંથી સંબંધ આપ્યો ? કોઈ માતાપિતા, કોઈ મિત્રો, કોઈ આડોશીપાડોશી, કોઈ અચાનક સ્વ સ્ફુરણાથી તો કોઈક પ્રભુ કૃપાથી આ પ્રગટ ને પ્રત્યક્ષના જોગમાં આવ્યા. તેમાં આપણે સૌએ શું કર્યું ? એ શાશ્વત સંકલ્પનો કરૂણામેહ આપણને પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજીના શ્રી ચરણોમાં ને આ ગુણાતીત જ્યોત પરિવારમાં આકુરડા ખેંચી લાવ્યા ! સાચી વાત છે ને ? એ જ શાશ્વત સંકલ્પની અજોડ કામગીરી છે ને ! એ સંકલ્પ વહેતો વહેતો તેનો જોગ આપીને ગૃહસ્થ બાબુભાઈમાં પ્રગટ ગુણાતીત શક્તિના દર્શન કરાવ્યા, અનુભવ કરાવ્યા અને આપણા મન, આતમને પોતાના દિવ્ય કલ્યાણકારી સ્નેહમાં ભીંજવી રહ્યા. પોતાની પાસે બોલાવ્યા, સમૈયા, શિબિરો સભાઓમાં પોતાના આકર્ષણનો અનુભવ કરાવ્યો. ને આત્મબુદ્ધિ ને પ્રીતિનો સાચો કલ્યાણકારી સત્સંગ શરૂ થયો. વણકહ્યે, સંત સમાગમ ને ગુરુની બક્ષિશ આપીને મહિમા જગાડ્યો. નો’ય આ માણસ ! છે આ તો સર્વોપરી સ્વામિનારાયણના તત્ત્વધારક ગુણાતીત સંત !! એવા આત્મ અનુભવથી, સંત સમાગમથી

'પ્રાર્થનાથી પોકાર' કરવાની સૂઝ, સમજ જાગી. ગુણાતીત ગુરુઓએ શીખવ્યું, 'હે પપ્પાજી ! તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો.' ઉપરછલ્લી કે ઊંડી પ્રાર્થના... અભીપ્સા... પપ્પાજીની... જે તેમની અંતર્યામી શક્તિથી તેમણે ઝીલી ને ધીમેધીમે પોતાની બ્રાહ્મીશક્તિનાં દર્શન, અનુભવ કરાવતા ગયા.

ગુરુહરિ પપ્પાજીનું બ્રહ્મસૂત્ર 'ગરજુ થઈ સેવા કરો, દિવ્યભાવ રાખી ખમો !', 'શ્રીજીના અલ્પ સંબંધવાળાની સેવા સ્વરૂપ માનીને કરો.', 'આ પળ ધામરૂપ રહો', 'સૌમાં નિર્દોષબુદ્ધિ રાખો' તે જેમ જેમ આપણે વર્તનમાં મૂકતા ગયા તેમ તેમ આપણા આત્માની સંશુદ્ધિ સુખે સુખે સહજભાવે થતી ગઈ... અને પંચવિષયો ને અહંતા, મમતા ધીમે ધીમે ખરતા ગયા. આલોચ અંતરમાં ઉઠ્યો, 'પપ્પાજીને ગમે તેમ જ કરવું છે. પપ્પાજી ને ન ગમે તેવું કરવું જ નથી.' એવા આપણે આંતરિક વફાદારીથી જીવન જીવતા થયા !

આ બધી જ ચૈતન્ય શુદ્ધિના આયોજનો શ્રીજી-યોગીજી પ્રેરિત. તેવી જ પરબ્રહ્મ શક્તિના સ્ત્રોતા અને વાહક આપણા ગુરુહરિ પપ્પાજીનો પૂર્વનો, જન્મોજન્મનો સંબંધ ! અને એટલે જ આપણી જીવનયાત્રા શાશ્વતયાત્રા બની છે. કર્તાહર્તા અને દ્રષ્ટા પપ્પાજી છે જ. જેના દોરી સંચાલનથી આપણા આ કે પૂર્વના અનંત જન્મોથી પ્રગતિ ચાલુ ને ચાલુ જ રહી છે. જે સત્કર્મ, સદ્‌વિચાર, સુહૃદભાવ અને પ્રાર્થના આપણી સાથે ને સાથે પ્રગતિદાતા બનીને રહે છે. અને બીજા જન્મે, જ્યાં હતા ત્યાંથી એ પુણ્યના બળે, આગળ ને આગળ ચૈતન્યશુદ્ધિના રાહે વધતા રહ્યા છીએ. આપણા માનવદેહધારી લૌકિક જીવનને ધાર્મિક બનાવ્યું, સાત્વિક બનાવ્યું, સંબંધ આપીને આત્મા જગાડ્યો, ગુરુ આપીને દિવ્ય શક્તિનું અનુપાન કરાવ્યું, પ્રાર્થના કરાવીને સ્વરૂપ ઓળખાવ્યું. સેવા કરાવીને સ્વરૂપનો યથાતથ્ મહિમા જગાડ્યો. જેથી તેમનું શરણ લેવાનું અને આતમબુદ્ધિ અને પ્રીતિથી જોડાઈને સત્સંગ સમાજમાં સંપ, સુહૃદભાવ, એકતા રાખતા થયા.

કેવળ સંબંધયોગ, કેવળ એકપક્ષીય શ્રમ.
કેવળ આત્માનું કલ્યાણ.
કેવળ પ્રાર્થના સંકલ્પથી જતન.
કેવળ મૌનવાણી અને દ્રષ્ટિમાત્રે સુખ સભર કર્યા.
કેવળ સ્પર્શમાત્રે ચેતના જગાડી, શરણે આવવાનું ઉગાડ્યું.
કેવળ સેવાના સાધને આત્માનું ઉત્થાન કરાવ્યું.

એવાં 'શાશ્વત સંકલ્પ'ના અધિષ્ઠાતા ગુરુહરિના અનંત જન્મો, વર્ષોના વહેતા સંકલ્પની દિવ્ય ધારામાં ડૂબીને દિવ્યતા સભર જીવનનો અનુભવ ત્રણેય અવસ્થા - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં કર્યા કરીએ ! કેમ, ખરું ને ! (પૂ.ડૉ.નીલમબેન)

### ગુરુહરિ પપ્પાજી મહારાજના બે સંકલ્પ

ગુરુહરિ પપ્પાજી મહારાજ સ્વયં શાશ્વત સ્વરૂપ છે. પોતે માનવદેહ ધરીને આપણી સાથે આપણા જેવા બનીને વર્ત્યા. કારણ તેમના દિવ્ય તત્ત્વને આપણે પિછાણી શકીએ તેમ નથી. તે જ કૃપા કરીને આપણી કક્ષાએ વર્તીને અક્ષરરૂપ બનાવવા માટે ઉદ્યમ કરી રહ્યા છે. પોતે નિર્વિકલ્પ રહી પ્રભુમાંથી જે પ્રેરણા આવે તેટલા સંકલ્પ, ભાવ ને ક્રિયા કરનાર પરબ્રહ્મતત્ત્વના ધારક ગુરુહરિ પપ્પાજી મહારાજના બે શાશ્વત સંકલ્પ છે. તેમાં...

૧. સમગ્ર વ્રતધારી બહેનો, વ્રતધારી યુવકો, સંતો ને એકાંતિક ગૃહસ્થ ભાઈ-ભાભીઓ બધા એક જ અક્ષરધામના દિવ્ય કુટુંબી થઈ, ગમે તે ભોગે સંપ, સુહૃદભાવ ને એકતા રાખી જીવે.

૨. જે અત્યારે સ્વામીસ્વરૂપ સંતો છે તેઓ વચ.ગ.છે.૩૫ જેવા તો છે જ. તે વચ.ગ.છે.૨૬ જેવા સ્વરહિત થઈ, સ્વભાવનારાયણના દાસ મટી અક્ષરપુરૂષોત્તમના, મહારાજના, સહજાનંદના જ દાસ, ગુલામ થઈને વર્તે તેવી કૃપા કરજો.

હે ગુરુહરિ પપ્પાજી મહારાજ ! આ બંને સંકલ્પને અમારા જીવનમાં પળેપળ નજર સમક્ષ રાખીને, તમારી શાશ્વતતાને અમે પ્રગટ થવા દઈએ. એકાંતિક ભક્ત બની સાચા અર્થમાં 'શાશ્વત સંકલ્પ પર્વ' ઉજવીએ તેવી શક્તિ આપજો.

# શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

સીધા સાદા અને સરળ લાગતા પપ્પાજી મહારાજના વ્યક્તિત્વ કે જીવનને સમજવું સામાન્ય મનુષ્યના ગજા બહારની વાત છે. એમના માટે 'યુગપુરુષ' શબ્દ પણ બહુ નાનો લાગે. કારણ કે એમણે સમગ્ર જીવન એમના ગુરુદેવ યોગીજીની અનુવૃત્તિમાં જ વિતાવ્યું છે. અસહ્ય મુશ્કેલીઓ અને વિરોધના અનંત પ્રસંગોમાં પપ્પાજીએ ખૂબ પ્રેમથી યોગીજીએ આપેલી પ્રસાદીનો જ ભાવ માણ્યો છે ને પચાવ્યો છે. પપ્પાજીનું પ્રત્યેક આચરણ સૌ આશ્રિતો માટે ઉપદેશ સમાન બનતું જ રહ્યું. પોતાના પરિશુદ્ધ જીવન અને અદ્‌ભુત સંકલ્પ શક્તિથી એમણે એવા અનેક ચૈતન્ય સ્વરૂપો તૈયાર કર્યા છે. એવા જાગ્રત ચૈતન્યોને ખૂબ જ સભાનતાથી, કડકાઈથી અને આધ્યાત્મિક જતનથી, ઘણી ઘણી કસોટીઓ અને અનેક પ્રકારના પ્રસંગોમાંથી પસાર કરી, કપરી સાધનાના સોપાનો સરળતાથી સર કરાવીને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડ્યા છે. એ વખતના એ ચૈતન્યોની અંતરની અભીપ્સા, પ્રાર્થના, પ્રભુની સામર્થી અને અપ્રતિમ માહાત્મ્યના ભાવોથી બનેલાં ભજનના શબ્દો આજે પણ પ્રત્યેક સાધકના હૈયે ગુંજે છે. અત્યારે પણ એ શબ્દો દરેક સાધકની સરળ સાધના માટે દીવાદાંડી સમાન બની રહ્યાં છે. એમાંના એક ભજનની પંક્તિ યાદ આવે છે કે,

**'સ્વભાવ રહિત એક તું પુરુષ,**
**બીજાના સ્વભાવ સાધન,**
**સ્વતંત્ર કોઈ વર્તી શકે ના**
**સૌનું કરતો તું સંચાલન...'**

કેટલાય વર્ષો પહેલાં બનેલા ભજનના આ શબ્દો સાંભળતા જ થાય કે આ કઈ પ્રકારની સ્થિતિ હશે કે પોતાના સત્પુરુષને સંપૂર્ણ સ્વભાવ રહિત સમજવા ! એટલું જ નહીં બીજા મુક્તોના સ્વભાવ કે પ્રકૃતિ એ પણ પ્રભુએ જ સૌને આગળ લેવા માટે, એક સાધન કે હથિયાર તરીકે રાખ્યા છે. બાકી મુક્તો તો ખરેખર નિર્દોષ જ છે. અને આવું જીવનારા કોઈ જ આસપાસ દેખાતા ન હોય કે ન તો આવા કોઈ જીવનની કલ્પના પણ હોય ! ત્યારે આવો દ્રષ્ટિકોણ રાખીને કેવી રીતે જીવી શકાય ? ખરેખર આ માર્ગે ચાલવામાં કોઈ અનુભવી ભોમિયાની જરૂર પડે જ. આવું જીવનારા કોઈ સાથે હોય તો એ માર્ગે સહેલાઈથી ચાલી શકાય. પણ અહીં તો સત્પુરુષ પોતે જ, પપ્પાજી મહારાજ સ્વયમ્ એવું જીવીને સૌને જીવાડી રહ્યા હતાં.

ખરેખર તો પપ્પાજીના શુદ્ધ આચરણથી જ સૌના સ્વભાવ, પ્રારબ્ધ અને જીવન બદલાયા છે. એમના જતન, હૂંફ અને રખવાળા સૌમાં પ્રાણ પૂરતા હતા. પ્રત્યેક મનુષ્યનું સમગ્ર જીવન પોતાના મૂળભૂત સ્વભાવ અને પ્રકૃતિને આધીન હોય છે. મારા પોતાનામાં કોઈ સ્વભાવ કે દોષ હોઈ શકે તેની તો મનુષ્યએ કલ્પના કરવી પણ મુશ્કેલ છે. એવા કોઈ જીવ પર સંતની દ્રષ્ટિ પડે અને એ પોતાના જન્મજાત સ્વભાવ કે દોષથી પર થઈ શકે એ તો અકલ્પ્ય જ છે. એવા અનેક માનવોને મહામાનવ બનાવવા, જગતના મૂલ્યાંકનોથી પર કરવા અને કેવળ પ્રભુની પ્રસન્નતાર્થે, આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જીવતા કરવા એ કોઈ સામાન્ય કાર્ય નથી. એ તો એક યુગકાર્યથી પણ અધિક જ કહેવાય. અને આ બધું જ કોઈ social કે commercial systemના ઉપયોગ વિના. કોઈપણ પ્રકારના પ્રચારની પદ્ધતિઓ વિના અને ક્યાંય પણ તેનો રજમાત્ર અણસાર આપ્યા વિના પપ્પાજી મહારાજે કેવળ કેવળ પોતાની આધ્યાત્મિક સંકલ્પ શક્તિથી જ મહામાનવના સમાજનું સર્જન કર્યું છે.

આપણે ઘણી વખત સાંભળીએ છીએ અને બોલીએ પણ છીએ કે દુનિયામાં આપણા જેવું કોઈ નસીબદાર નથી. શા માટે? તો આવા મહામાનવના સમાજની જ્યાં કોઈ કલ્પના પણ નથી કરી શકતું ત્યાં એવા દિવ્ય સમાજમાં આપણને રહેવાનું અને એવા મહામાનવ બનવાનું મહાભાગ્ય આપણને પ્રાપ્ત થયું. આપણી જિંદગી આખી ધન્ય થઈ ગઈ. એટલું જ નહીં

હવે તો આપણો આ છેલ્લો જન્મ થઈ ગયો, એની ખાત્રી પણ પપ્પાજી મહારાજ કરાવી રહ્યા છે.

સુરતના ઈતિહાસમાં ૨૦૦૬ની સાલ, ઑગષ્ટની સાત તારીખનો એ દિવસ જાણે અનેક જીવો માટે કાળ બનીને આવ્યો. સુરત શહેરની અંદર બહાર પૂરનો ભયાનક પ્રકોપ, ચારેબાજુ પાણી-પાણી, માણસ માત્ર કુદરત સામે લાચાર. દરેક સોસાયટીમાં ખૂબ પાણી ભરાયાં, ઘણી બધી સોસાયટીમાં તો દોઢ-બે માળ પાણીમાં ગરકાવ થઈ ગયાં. આપણા અનેક સત્સંગી મુક્તો પણ આવી કારમી પરિસ્થિતિના ભોગ બન્યા. પ્રભુએ જાણે સામુહિક કસોટીની એરણ પર સૌને ચડાવ્યા હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ. કોણ કોને મદદ કરે ? આટલા મોટા શહેરમાં બધા દૂર દૂર રહેતા હોય. ઘણાં મુક્તો બચવા માટે અગાશી પર જતા રહ્યાં. ઘણાં મુક્તો ઘરમાં જ ગંદા પાણીમાં જ્યાં જગ્યા મળી ત્યાં રહ્યાં. પીવાનું પાણી, દૂધ ખોરાક કે જીવન જરૂરિયાતનું કાંઈ જ ન મળે, ઈલેક્ટ્રીસિટી વિના તો એ.સી. લાઈટ, પંખા, મોટર કે કશું જ ન ચાલે. ઘણી વિષમ પરિસ્થિતિમાં અનેક હરિભક્તોએ રહેવું પડ્યું. ભયંકર પરિસ્થિતિનો સામનો કર્યો. પણ સૌના મન, હૃદયમાં પ્રભુની નિષ્ઠા હતી. તો સૌ મુક્તોએ પણ બીજાત્રીજા ઉપાય લીધા વિના તીવ્ર પ્રાર્થનાનો સહારો લીધો. સૌ મુક્તોની નિષ્ઠાની પરીક્ષા સામુહિક રીતે લીધી. અને ખરેખર બધા મુક્તોની સામુહિક રીતે ખૂબ જ રક્ષા કરી. સામુહિક રીતે કોઈનું કાંઈ બગાડવા ન દીધું. અને પ્રભુએ સૌને સામુહિક રીતે બળ પમાડ્યાં. સામુહિક રીતે જ પ્રભુએ પોતાની શક્તિનો અનુભવ કરાવ્યો. સામુહિક રીતે કાળ, કર્મ ને માયાની ઝાંખી કરાવી, તેથી પર કર્યા ને બળ આપી સુખિયા કર્યા. ને સૌ મુક્તોને પ્રભુએ પોતાની સામર્થીનું દર્શન કરાવ્યું. વધુ માહાત્મ્ય, વધુ જાગ્રતતા ને વધુ નિષ્ઠાથી જીવવાના આલોચ જગાડ્યા. અને હૈયામાં અતૂટ વિશ્વાસ ભરી દીધો કે દુનિયાની કોઈ વ્યક્તિ, શક્તિ આપણા કોઈનું અહિત ન જ કરી શકે. અને સૌ મુક્તોને વહારે જાણે પ્રભુ આવ્યા હોય એમ વિદ્યાનગર જ્યોતમાંથી જીવન જરૂરિયાતનો સામાન જેમ કે અનાજ, કરિયાણું, તેલ, રાશન, કપડાં, પાગરણ, મીણબત્તી, માચીસ વગેરે એક ટ્રક ભરીને લાવ્યાં. મદદમાં ગુણાતીત પ્રકાશના સંત ભાઈઓ પણ આવ્યા. સુરતના સ્થાનિક સંતો સાથે મળીને સુંદર આયોજન કરી ઘરે ઘરે બધો સામાન પહોંચતો કર્યો. ખરેખર ભગવાન અને સંત નિરંતર દરેક મુક્તોની રક્ષા કરવા અને પ્રગતિના પંથે દોડતાં કરવા હંમેશા હાજર જ હોય છે. પ્રભુ તો નિરંતર આપણને મદદ કરે જ છે. તો હવે મહામાનવ બનવાની પ્રભુની આ યોજનામાં પૂર્ણ વિશ્વાસથી, પૂર્ણ શ્રદ્ધાથી હોમાઈ જઈએ.

હે પપ્પાજી મહારાજ ! આપના સ્વરૂપને ઓળખવું એ અમારા હાથની કોઈ વાત નથી. આપ ખૂબ દયાળુ છો, અંતર્યામી છો, સમર્થ છો. તો આપના ચરણે પ્રાર્થના કરીએ છીએ, આપે અમને આપવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી. બસ, અમારી અમારા મનના વિચારો, હૃદયની લાગણીઓ, ભાવો, બુદ્ધિના તુક્કાઓ અને અમારા અહંકારના ભાવોથી સદાય રક્ષા કરતા જ રહેજો. આપ ઈચ્છો છો તેવા આપની પ્રસન્નતાના અમે પાત્ર બની જઈએ. એવા જ અમે વિચાર, વાણી, અને વર્તન કરતા રહીએ તેવી શક્તિ આપતા જ રહેજો તેવી પ્રાર્થના છે.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## નિર્ણય

- ★ પ.પૂ.દેવીબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
  ગુરુવાર, તા.૨૭.૮.૨૦૨૬
- ★ રક્ષાબંધન :
  શ્રાવણ સુદ-૧૫, શુક્રવાર, તા.૨૮.૮.૨૦૨૬
- ★ ગુરુહરિ પપ્પાજીમહારાજનો પ્રાગટ્યદિન અને પ.પૂ.બેનનો સ્વરૂપાનુભૂતિદિન :
  મંગળવાર, તા.૧.૯.૨૦૨૬
- ★ એકાદશી :
  શ્રાવણ વદ-૧૧, સોમવાર, તા.૭.૯.૨૦૨૬
- ★ જળઝીલણી એકાદશી :
  ભાદરવા સુદ-૧૧, મંગળવાર, તા.૨૨.૯.૨૦૨૬

## ૨૫૭. અનુરાગના સંગીત

પપ્પાજી આરામ માટે બ્રહ્મજ્યોતિ રહેતા ને ત્યાંથી રોજ સવારે ૧૦ થી ૧૧ જ્યોતમાં પધારતા. એ વખતે સ્મૃતિબેન દવેએ પપ્પાજીના લીલાચરિત્રોના જે જે દર્શન કર્યા, જે જે સ્મૃતિ મળી એનું આબેહૂબ વર્ણન કરતાં ભજનોની રચના કરી.

અહીં એક સરસ વાત કરું. ઈ.સ.૧૯૬૬માં જ્યોતની સ્થાપના થઈ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ને સમૈયા ઉત્સવમાં આપણે તારાબેનના તબલા અને તરુબેનના હાર્મોનિયમ વાદનથી અનેક કાર્યક્રમો કરતા હતા. એક વખત જ્ઞાનયજ્ઞમાં રહેતા મણીમામાના દીકરા સુરેશભાઈના ધર્મપત્ની હંસાભાભી પરદેશથી જ્યોતમાં આવ્યા. એમને દીદી સાથે આત્મીયતા ને ગુરુભાવ. સ્હેજે સ્હેજે એમણે દીદીને કહ્યું કે દીદી આપણા આટલા સરસ કાર્યક્રમો થાય છે. સમૈયા ઉત્સવો થાય છે, બહેનો ભજનો બનાવે છે ને સરસ ભજનો ગવાય છે. તો બહેનોને મ્યુઝિક શીખવાડો, એ સેવા હું કરીશ. દીદીએ પપ્પાજીને સંભારી પ્રાર્થના કરી બહેનોની પસંદગી કરી. પ્રભુ યોજીત હતું તો વિદ્યાનગરના કલા કેન્દ્રમાંથી વાદ્યવૃંદના શિક્ષકો બહેનોને શીખવાડવા માટે ઘરે આવવા તૈયાર થયા એટલે ઈ.સ.૧૯૮૦ની સાલથી વેસ્ટર્ન રેલ્વેમાં દયાભાભીના ઘરે તારાબેન અને તરુબેનની જવાબદારી હેઠળ ભાવનાબેન ડી. અમીન, લાભુબેન, મંજુબેન પટેલ (પટનાગઢ), હરિનીબેન, હિનલબેન, આભાબેન, હર્ષાબેન શાહને મ્યુઝિક શીખવા જવાનું શરૂ કર્યું હતું. આ બહેનો સ્મૃતિબેને બનાવેલ ભજનોનું મ્યુઝિક સેટ કરી સભામાં આવતાં. પપ્પાજીના સાંનિધ્યમાં ગાયકવૃંદના બહેનોના સૂરમાં વાદ્યનાં સૂર મિલાવી વારાફરતી એક એક ભજનો ગાતાં. પ્રભુ પપ્પાજીની સ્મૃતિના આ ભજનોને 'અનુરાગના સંગીત' નામે ગ્રંથસ્થ કર્યા.

પપ્પાજીનું સ્વાસ્થ્ય સારું થતાં બ્રહ્મજ્યોતિથી ૧૫મી જૂને પપ્પાજી પ્રભુકૃપા નિવાસ સ્થાને પધાર્યા. દીદીની આજ્ઞાથી પપ્પાજીના સાંનિધ્યમાં રાતના ૮ થી ૯ 'અનુરાગના સંગીત' કીર્તન આરાધનાનો કાર્યક્રમ યોજી આ સ્મૃતિની સ્મૃતિ, સ્મૃતિ કિતાબમાં ચિરંજીવ બની.

## ૨૫૮. સુખિયા કરવાનો પ્રવાહ

પપ્પાજી સાધકોને સદાય સાધનામાં જાગ્રતતા રહે, સુખ શાંતિ અને આનંદભર્યા માર્ગે સાધનાના કપરા સંજોગોમાં ચઢાણ સરળતાથી ચડી શકે તે માટે નીત નવા નવા આયોજન કરતા એમ નવી નવી રીત શીખવતા. જેથી યેનકેન પ્રકારે સામા મુક્તનો આકાર જોયા વગર મહારાજ જોઈ આનંદપૂર્વક સેવા કરવાની જાગ્રતતા રહે. ઈ.સ.૧૯૭૮માં બહેનોની આવડત પારખીને પપ્પાજીએ સદ્‌ગુરુ સ્વરૂપોના જીવન અને કાર્યનું લખાણ લખાવ્યું. એ લખાણની પ્રકાશન વિભાગના બહેનો પાસે કોપી કરાવી જીવનદર્શન નામે ફાઈલ બનાવી, પ્રકાશનની લાઇબ્રેરીમાં મૂકી. બહેનોને આજ્ઞા આપી કે, તમે નવરાશના સમયે અથવા તમને કાંઈ પણ પ્રસંગ બને ત્યારે આ સ્વરૂપોના જીવનદર્શનની ફાઈલ વાંચજો તમારી મૂંઝવણનો ઉકેલ આવી જશે. જ્યોતમાં બા, બેન, મોટેરાં સદ્‌ગુરુ સ્વરૂપોના પ્રાગટ્યદિનની ઉજવણી પપ્પાજીએ શરૂ કરાવી.

પ્રાગટ્યનું માહાત્મ્ય રહે એથી વિશેષ પ્રભુએ જીવમાં સ્થાન લીધું એ દિનને દ્રષ્ટાદિન તરીકે ઓળખાવી, નાના મોટા બધા જ બહેનોના દ્રષ્ટાદિન ઉજવવાનો લ્હાવો આપ્યો.

એક વખત આજ્ઞા આપી – કોઈને બોલાવીએ તો નામ બોલતાં પહેલાં મહારાજ કે સ્વામી બોલીને નામ બોલીએ જેથી કરીને એના માટે કોઈપણ પ્રકારનો અભાવ હોય કે અંદર ગુસ્સાનો ભાવ હોય તો મહારાજ સ્વામી બોલીએ એટલે એ ભાવ શમી જાય અને આત્મીયતાનો ભાવ જાગ્રત થાય.

ઈ.સ.૧૯૮૨ના મે મહિનાની ચોથી તારીખે સભામાં પધાર્યા. એક બેને કંઠીમાં ગાંઠ વાળી હતી એ જોઈ પપ્પાજી ખુશ થઈ ગયા અને કહે, આપણે રોજ સવારના કંઠીમાં ગાંઠ વાળવાની 'હે મહારાજ! તું ને

તારા દિવ્ય મનાય એવું બળ આપજો.' આખો દિવસ એ ગાંઠ રાખવાની. રાત્રે સૂતી વખતે આખા દિવસનું ચેકિંગ કરી લેવાનું કે ક્યાં ભગવાન નથી દેખાયા ? ત્યાં પ્રાર્થના કરીને પછી ગાંઠ છોડી દેવાની. કંઠીમાં ગાંઠ વાળી હોય તે દરેકને એકબીજાની કંઠીની ગાંઠ દેખાય તેથી જાગ્રતતા રહેશે અને સામા મુક્તમાં મહારાજ જોવાની ધીમે ધીમે ટેવ પડી જશે.

ઈ.સ.૧૯૮૭ના મે મહિનાની સાતમી તારીખે પપ્પાજીએ સાધકોને આજ્ઞા આપી કે, આપણે કોઈની સાથે બોલવાનું શરૂ કરો તે પહેલાં મહારાજ બોલીને જ વાત કરવી અને એમને એમ જો બોલવા માંડે તો સાંભળનારા હોય એ બધાએ બે વખત સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલવું જેથી ધીમે રહીને મહારાજ બોલવાની ટેવ પડી જાય.

ઈ.સ.૧૯૯૧ની ત્રીજી જુલાઈએ પપ્પાજી જ્યોતમાં પધાર્યા અને પરભાવમાં આવી વાત કરી કે, આપણે વર્તનથી યોગીશતાબ્દી ઉજવવી છે. એ માટે સૌને યોગી મહારાજનું સ્વરૂપ જ માનવા છે. તો દરેક મુક્તો સંમતિ આપે તો એક વાત કહું, એમ કહી સૌની સંમતિ લીધી અને અંતરનું રહસ્ય જણાવતાં નવા વર્તમાન આપ્યા કે, આપણે દરેકને બોલાવતા પહેલા જોગી કહીને બોલાવીએ જોગી તારાબેન ! જોગી જ્યોતિબેન! જોગી દીદી ! સૌને ફાવશે? અને સૌએ આ નવા વર્તમાન સહર્ષ સ્વીકારી રોજિંદા જીવનમાં એ રીતે વર્તવાનો પ્રયત્ન શરૂ કર્યો.

ખરેખર પપ્પાજીના અંતરમાં સૌને સુખિયા કરવાનો પ્રવાહ વહેતો. પોતાના જેવું ને જેવું જ અક્ષરધામનું સુખ લે અને આધ્યાત્મિક જીવન જીવી આલોક અને પરલોકમાં સુખી રહે, સંબંધમાં આવે એને પણ સુખિયા કરે એવો જ આલોચ રહેતો અને એ માટે પપ્પાજીએ ખૂબ શ્રમ કર્યો છે. આટલા બધા વર્તમાન ફેરવ્યા છતાં પણ તમે એ રીતે વર્ત્યા છો કે નહીં એ જોયું નથી. ક્યારેય એ વાત નથી કરી કે નથી સંભળાવી. બસ પોતે નિત નવા નવા વર્તમાન આપ્યા કર્યા અને એમાં જીવનું રૂડું જ થાય એવા સંકલ્પથી સેવતા ગયા.

## સત્સંગ સમાચાર

### તા.૧૬.૭.૨૦૨૬ : રક્ષાપ્રસાદીની મહાપૂજા...

તા.૧૬.૭.૨૦૨૬ રથયાત્રાના પવિત્ર દિને પ.પૂ.હંસાદીદી અને સ્વરૂપોના સાંનિધ્યે ગુણાતીત જ્યોત, પપ્પાજી હૉલમાં રક્ષાપ્રસાદીની મહાપૂજા થઈ. ગુરુહરિ પપ્પાજી મહારાજ આયોજીત રક્ષાબંધનની રાખડીનો અવસર ચાલુ કર્યો તેનો હીરકપર્વ. આ રાખડીઓ હરિભક્તોના ઘરે સમયસર સહીસલામત પહોંચે ને મહારાજ સૌની સર્વ પ્રકારે રક્ષા કરે તેવા પ્રાર્થનાભાવ સાથે પૂ.કલ્પુબેન દવેએ મહાપૂજા કરી.

ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.હંસાદીદીને રાખડીનો હાર અર્પણ કર્યો. રક્ષાબંધનના આશિષપત્રનું વાંચન કર્યું. સ્વરૂપોએ રક્ષા પ્રસાદીની કરી.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજના અને પ.પૂ.હંસાદીદીના આશિષ લીધા. તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે રથયાત્રાનો દિવસ. આપણી રથયાત્રા કરોડો વર્ષથી શરૂ થઈ. અમીબામાંથી માણસ થયા. આપણે જે ફાંફાં મારતા હતા તે યોગીજી મહારાજ મળી ગયા. કેવળ બાપાની કૃપાથી સ્વસ્વરૂપ ઓળખાયું. હું તો ગુણાતીત છું. તે દ્રષ્ટા સ્થપાયો. અક્ષરધામરૂપ રહ્યા થકા ઈંદ્રિયો, અંત:કરણથી સેવા કરીને સેવાના ભાગરૂપે અક્ષરધામની સમાધિમાં રહેતા થયા. તારી પ્રસન્નતાર્થે જ કરવું છે. અક્ષરધામની સમાધિમાંથી શું કામ બીજું કાંઈ કરવું છે? કૈવલ્યાર્થી નથી થવું. ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરવાની. તે અક્ષરધામની ભૂમિકામાં જીવતા થઈ ગયા. ગુણાતીતભાવમાં રહી નિરંતર ભગવાન ને સાધુના મહિમાની વાતો કર્યા કરવી છે. એ લોકોના સંકલ્પથી જગત ચાલે છે. તારી ભક્તિ વગરના સંકલ્પ, ભાવ, ક્રિયામાં મારે શું કામ આવવું છે? ભક્તિરૂપ છે ? તો જ તે કરવા છે. ચીજવસ્તુ પદાર્થ, સ્ત્રી, ધન બંધન ના કરે તેવું બને જ નહીં. ભિખારીનો સત્સંગ નથી. ઢગલાબંધ

હોય તો ય નથી જોઈતું. કચરો ને કંચન એક થઈ જાય. બાપા ૫૧ ભૂતને રૂપાંતર કરાવવા મંડ્યા છે.

કરોડો જન્મના હેવા દૂર કરવા મહારાજે ભગીરથ શ્રમ કર્યો. શું કરવા આવ્યા છીએ ? તે ધ્યેય તરફ દ્રષ્ટિ રાખીએ. ઊગતી પ્રભાએ... ભજન જીવનમાં સાકાર બને. નિર્દોષબુદ્ધિ પચી જાય. હાલતા ચાલતા જંગમમંદિર બની જઈએ તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** કોઈપણ રીતે આપણે સ્મૃતિ કરવી. પપ્પાજી મહારાજે રક્ષા બનાવવાની સેવા આપી. નાના રેશમી કપડામાંથી તાર કાઢવાના હતા. પ્રથમ ૫૧ બહેનોને પપ્પાજીએ ઘણા તાવ્યા છે. કસોટી કરી છે. તે બધાને પપ્પાજીને રાજી કરવાની જ ભાવના હતી.

જ્યોત બની, પપ્પાજીએ કહ્યું આ ભક્તોએ આપણા આધારે બધું છોડ્યું. આપણા થકી એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં વિશ્વાસ મૂક્યો તો તેઓની રક્ષા થાય એ જવાબદારી આપણી છે. રક્ષા એ બહેનોની ભાઈઓ તરફની ભક્તિ છે. પપ્પાજી કહે, આપણા ભાઈઓ છે. બાપાએ આપણા વિશ્વાસે મૂક્યા છે. તમે રાખડી બનાવો. આપણે એમને મોકલીએ. નાના ટૂકડામાંથી તાર કાઢીને રાખડી બનાવતા શીખવાડ્યું. જે કામ ભક્તિરૂપ હોય તેમાં દિલની સચ્ચાઈ ને વફાદારી જોઈએ જ. આપણું જે છે તે ભગવાનને પહોંચે તેવું કરવું હોય તો દિલની સચ્ચાઈ રાખવાની. આંતરિક વફાદારી, વિચારની વફાદારી રાખવી. એ આપણા હાથમાં છે. મને એકાંતિક બનાવવા માટે પપ્પાજીને શ્રમ ન પડવો જોઈએ.

આ રાખડી ગૃહસ્થોના ઘરે જશે. બહેનોને દિવ્ય ભાઈઓ મળી ગયા. ભાભીઓ રાજી થશે કે બહેનોએ રાખડી બનાવીને મોકલી. ભગવાન સૌની રક્ષા કરે તેવી પ્રાર્થના.

ત્યાર બાદ 'રહેતો થઈ જા...' ભજન ગાયું.

★ તા.૧૮.૭.૨૦૨૬ : યુ.કે.ના ડેન્હામ સ્થિત અનુપમ મિશનની દિવ્ય ધરાએ હિન્દુ, જૈન, શીખ સંપ્રદાયના આશ્રિતો માટે નિર્માણાધીન યુરોપના સર્વ પ્રથમ 'ૐ ક્રિમેટોરિયમ' અંત્યેષ્ટિ સંસ્કારધામનું લોકાર્પણ સંત ભગવંત સાહેબજીની સંનિધિમાં થયું. આ અવસરે પ.પૂ.હંસાદીદીએ ગુણાતીત જ્યોતમાં મહાપૂજાનું આયોજન ગોઠવ્યું. આજના આ અવસરે પૂ.કલ્પુબેન દવેએ સવારના ૧૦ થી ૧૨ ગુણાતીત જ્યોત, પપ્પાજી હૉલમાં સ્વરૂપોના સાંનિધ્યે મહાપૂજા કરી, સંકલ્પ વાંચન કરી, પ્રાર્થનાભાવ ધર્યા. ત્યાર બાદ પ.પૂ.હંસાદીદીએ આશીર્વાદ આપ્યા.

## તા.૨૯.૭.૨૦૨૬ : ગુરુપૂર્ણિમાની ઉજવણી...

તા.૨૯.૭.૨૦૨૬ના સવારે ૧૦ વાગ્યે ગુણાતીત જ્યોત, પપ્પાજી હોલમાં પ.પૂ.હંસાદીદીના સાંનિધ્યે ગુરુપૂર્ણિમાના શુભ અવસરે ગુરુહરિ અને ગુરુસ્વરૂપોના ચરણોમાં ભાવવંદનાની સભા કરી. સભાપ્રારંભે આવાહન શ્લોક બાદ સભા સંચાલિકા પૂ.હર્ષાબેને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને ગુરુ સ્વરૂપોના મહિમામાં રત કર્યા. ત્યાર બાદ સૌ ભક્તો વતી, વ્રતધારી બહેનો, વ્રતધારી ભાઈઓ વતી ગુરુહરિ પપ્પાજી મહારાજને અને સર્વે સ્વરૂપોને પુષ્પભાવ અર્પણ કર્યા. ત્યારબાદ માહાત્મ્યવંદના, પ્રાર્થનાભાવ અને આશીર્વાદની વર્ષામાં ભીંજાયા તેનો સાર માણીએ.

**પૂ.સોનલબેન રતનપરા :** ગુરુહરિ ને ગુરુ સ્વરૂપોએ આપેલી સ્મૃતિઓ અને આધ્યાત્મિક સૂઝની સ્મૃતિઓ કરાવી યાચના કરી કે, દીદી વારંવાર કહે છે સંબંધવાળા મુક્તો પાસે રાંકભાવ રાખો તો તમારા પ્રોબ્લેમનું સોલ્યુશન પપ્પાજીની રીતે લાવી શકશો. અને પપ્પાજીનું કાર્ય બનવા માટે દીદીની ધખણા છે તે પૂરી કરવા સૌ સ્વરૂપો મને સૂઝ આપે એ જ પ્રાર્થના.

**પૂ.સંગીતાબેન સુખડિયા :** ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂનમને ખૂબ શુભ ગણવામાં આવે છે. આપણી પ્રગતિ થતી રહે તેવું ગુરુઓએ જતન કર્યું છે. ગુરુ સ્વરૂપોની પોતાને થયેલી અનુભૂતિ દ્વારા ગુરુ મહિમાનું દર્શન કરાવ્યું. પપ્પાજી પોતાનો સાજ લઈને પધાર્યા. ગુરુઓએ વર્તીને આપણા માટે સાકર પાથરી. મારી

ડ્રાઈવીંગની સેવાને લીધે સ્વરૂપોનો લાભ મળ્યો છે. તેમનું વર્તન જોઈને શીખવા મળ્યું. સ્વરૂપોને તો પપ્પાજી સિવાય કાંઈ છે જ નહીં. દરેક જીવને પપ્પાજીની ઘેલછા લાગે તે માટે જતન કરે છે. અમે તમારી રીતે વર્તતા થઈ જઈએ. દીદી તમે નિરામય દેહે અમારી સાથે રહેજો તેવી આપના ચરણે પ્રાર્થના.

પૂ.ભાવનાબેન શેઠ : પપ્પાજી ગુરુપૂનમે એકલવ્યની ભક્તિનો દાખલો આપતા. ગુરુએ ઉપેક્ષા કરી તો ય બાણવિદ્યામાં અવ્વલ બન્યા. ગુરુ માટે દિવ્યભાવ, મહિમા ને ભક્તિ હતા તો દક્ષિણામાં સર્વસ્વ આપી દીધું. પપ્પાજીએ એકવાર લેખ લખ્યો કે તમારો અંગૂઠો આપો. કોઈના દોષ જોવા નહીં. અભાવ, અવગુણમાં પડતા નહીં ને એકબીજાની સેવા કરો. પપ્પાજીનું આખું જીવન સમર્પણ જ છે. જોગીબાપાની આજ્ઞા પ્રમાણે કર્યા જ કર્યું. પપ્પાજીનું યુગકાર્ય સફળ બનાવવા પૃથ્વી પર સ્વરૂપો પધાર્યા. ત્યારે સમાજમાં ઉપેક્ષા, ધનની તકલીફો હતી. તોય તેમની નજર પપ્પાજી સામે હતી. પપ્પાજીને સ્વરૂપ માનીને નિર્ભેળ દિવ્યભાવ રાખીને જીવ્યા. એમણે શીખવ્યું કે, પપ્પાજીને ઓળખી લ્યો. એમનો અનુભવ કરો. અંતરની જાગ્રતતા ગુરુઓ આપે છે. અમને સુખરૂપ લાગે છે તે જ્ઞાન, સ્વભાવ અમે સાચવી રાખ્યા છે તે અમારે આપવું છે. પણ કાંઈક ડર લાગે છે. પણ અમારામાંથી જ્યારે આ સ્વભાવ, અહંકારનું વિલીનીકરણ થશે ત્યારે પપ્પાજીનું પ્રગટીકરણ થશે.

દીદીની ધખણા પાર પાડીએ. અમે પપ્પાજીને રાજી કરી લઈએ અમારો અહમરૂપી અંગૂઠો આપી દઈએ તેવી સૂઝ અને બળ આપજો.

પૂ.શાશ્વતભાઈ : અમને સ્કૂલમાં શીખવ્યું છે કે ગુરૂ આપણને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે. હું નાનો છું એટલે મારે માટે તો બધા ગુરુ છે. સ્વરૂપોની સ્મૃતિ મને મળી છે. તેમ ભાઈઓમાં પણ સૌથી પહેલા તો મારા મોટા દાદા મને શીખવાડે છે. મોટેરા ભાઈઓ ને મમ્મી – પપ્પા મને શીખવાડે છે. ગુરુદક્ષિણામાં એમને હાશ થઈ જાય તેવું જીવન જીવીએ તે જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ : આખું જગત ગુરુપૂનમે એકલવ્યને યાદ કરે. ગુરુએ તેના અહંકારનો અંગૂઠો લઈને તેને શ્રેષ્ઠ બાણાવળીથી વધારે બધા તેને યાદ કરે તેવા ભક્ત બનાવ્યા. પપ્પાજી અને સ્વરૂપો પણ આપણી આવી જ રક્ષા કરે છે. પ્રારબ્ધ થકી આપણી રક્ષા કરે છે. આપણને તો કાંઈ સમજ પડતી નથી. આપણને સમયે સમયે સૂઝ આપીને બધું કરાવી લે છે. દીદીને જોઈએ તો કેમ કરીને આપણે પપ્પાજીમાં રહેતા થઈએ, તેમના સિવાય આપણામાં કાંઈ રહે નહીં તે માટે મંડ્યા છે. આપણા વિચાર, વાણી, વર્તન તેમની ભક્તિરૂપ હોય તેવા થાય. પપ્પાજીએ આપણને શીખવાડ્યું છે કે સંબંધવાળામાં મહારાજ જુઓ. આપણે જીવ છીએ તેથી હેવા પ્રમાણે જીવીએ. પણ એ નિરંતર આપણને કહી કહીને, પોતાનું સાંનિધ્ય આપીને શીખવી રહ્યા છે. પપ્પાજીએ કહ્યું છે કે બધા જ પ્રગતિ કરતાં ચૈતન્યો છે. કોઈ ક્યાંય અટકતું નથી. તો નિરંતર એ પ્રાપ્તિના કેફમાં રહીએ. તમારા થઈને જીવીએ તેવા બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો. દીદીની તબિયત ખૂબ સરસ રાખજો તેવી ગુરુપૂર્ણિમાની પ્રાર્થના.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : શ્રીજી મહારાજ વચ.કા.૧૦માં કહી ગયા પૂજા કરો, શોભાયાત્રા કરો તે પૂજા નથી. એ સંસ્કાર પાડવા છે. પણ કર્તાહર્તા માનો એ મારી પૂજા છે. એમનું ગમતું કરવું એ પૂજા.

આ દિવસે આખા હિન્દુસ્તાનમાં બધા ગુરુની પૂજા કરે ને દક્ષિણા આપે. ગુરુને માંગવાનો ને આપણે આપવાનો દિવસ. અનાદિ ગુરુ ગુણાતીત તેમના થકી આપણને જોગી મહારાજ ઓળખાયા. જોગી મહારાજ આપણા બધાના ગુરુ. તેમનો અભિપ્રાય હતો તેમ વર્તીને આ સ્વરૂપો પાક્યા. આ બધા સ્વરૂપોનું પ્રગટીકરણ થયું તે અદ્રશ્ય થતા જ નથી. એ જેમાં હશે તેમાંથી આપણને સાંભળશે. એમની રુચિ, અભિપ્રાય પ્રમાણે જીવીએ. ગુણાતીત ભાવમાં જીવીએ એટલે મહારાજ પ્રકાશે જ. તેમના સિદ્ધાંતે ચાલીએ તો કામ કરે. વચ.ગ.મ.૨૮ પ્રમાણે જીવે તેમાં કામ કરે. કોઈના ઘસારામાં પડે નહીં ને ભગવાનનો મન, કર્મ, વચને સંગ કરે તો લાખ ગાઉ

દૂર હોય તો ય અક્ષરધામનું સુખ ભોગવતો થઈ જાય. રોકડો નિર્દોષભાવ રાખીએ, રોકડી સેવા કરીએ, રોકડું ખમીએ તો અંતર ટાઢું ને શુભ સંકલ્પ રહ્યા જ કરે. એવા રોકડિયા ભગવાન આપ્યા છે. એ રીતે ગુરુને દક્ષિણા આપીએ. જોગી મહારાજનો સંકલ્પ છે બ્રહ્મનિયંત્રિત સમાજ વર્તતો થઈ જાય ને સુખ ભોગવતો થઈ જાય એ આપણામાં કામ કરતો થઈ જાય. આ રીતે વર્તવાની ભેટ એમને આપી દઈએ. એવો સંકલ્પ આજે કરીએ.

**હે જોગી મહારાજ ! હે મહારાજ ! હે સ્વામી! હે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો ! અમારી આ ગુરુપૂર્ણિમાની ભેટ સ્વીકારવા કૃપા કરશો. અને આજથી ઠાકર ને તેનું ગમતું કરીશું ને પ્રાપ્તિના આનંદમાં રહીશું. મૂંઝવણમાં ટકીશું જ નહીં. સ્વભજનથી તે તરત ટાળી દઈશું...**

આપણે પ્રાપ્તિનો આનંદ કરવો છે. દેહભાવ દેખાડે ત્યારે આનંદ ના થાય. પણ ત્યારે તમે ખમવાનું, માહાત્મ્યેયુક્ત સેવા કરવાનું ને આનંદ કરવાનું રાખો. તેમના ગમતામાં રહીએ એ કર્તાહર્તા માન્યા. પ્રાપ્તિનો કેફ રાખીએ. તે આપણામાં કામ કરે છે. સ્વામીસ્વરૂપ આપણે થવાના છીએ. હું, ઠાકર ને ક્રિયા. બસ આનંદ કર્યા કરીએ એ સંકલ્પ કરવો છે. ભગવાન સ્વતંત્ર ને આપણેય સ્વતંત્ર. પ્રભુલક્ષી જીવન જીવવાનું બળ મળે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** પપ્પાજી કહેતાં કે એક દિવસમાં એક ખર્વનું કામ થાય છે. ખરેખર પાતાળે પાયા નાખ્યા છે. જેટલા ગુણ સામાના ગાઈશું તેટલા આપણા થશે. પપ્પાજીએ તેમના આશીર્વાદમાં કહ્યું રોકડા ભગવાન, રોકડી નિર્દોષબુદ્ધિ... ખમવું, સેવા કરવી ને ફળ લેવું. આપણે ય સ્વતંત્ર ને ભગવાનેય સ્વતંત્ર તેમ બોલ્યા. આખા પ્રવચનમાં આનંદ કરવાની વાત કરી. તેમાં ખમવાની પહેલી વાત કરી. એટલે અરસપરસ ખમવું. બધાના ગુણ ગાયા કરીએ તો પપ્પાજી રાજી થઈ જાય. આ સ્વરૂપોને કાંઈ જોઈતું નથી. પણ જે કર્તાહર્તા માનીને જીવવું તે કરી લઈએ. પપ્પાજીની, ગુરુઓની સ્વયં હાજરી એ અક્ષરધામ. જે આપણા હૈયામાં છે તેને બધામાં જોવાના છે. એ છતીંદિહે અક્ષરધામનું સુખ લેવાની વાત છે. સ્વરૂપો રાજી થાય તેવું કરવું છે. આ ગુરુઓએ આ જ સાધના કરી છે. પપ્પાજીએ સહેલી રીત શીખવાડી દીધી છે કે અંતર ઝાંખુ પડે કે વિક્ષેપ આવે તો અંતર્દ્રષ્ટિ કરી, નોંધીને ભજન કરવું. રસ્તો શોધી લઈએ તેવું નહીં. જ્યાં કોઈનું નથી ગમતું ત્યાં અટકી જઈ પપ્પાજી, ગુરુ તરફ નજર કરીએ કે તે રાજી થશે ? બસ પ્રભુની રીતે જીવતા શીખી જઈએ તો એ સૂઝ પાડી દેશે. ભગવાન સાથે વાત કરતા થઈ જઈએ ને સાચી ગુરુપૂનમ ઉજવીએ.

**પૂ.ઈલેશભાઈ :** આજનું પ્રાત:દર્શન દીદીની આજ્ઞાથી વાંચી લઈએ. ગુરુ પ્રત્યેની ભક્તિ અદા કરવા માટે બધા ભક્તો પધાર્યા છે ને લાઈવ દર્શન કરી રહ્યા છે. પપ્પાજી પરિવાર અદ્‌ભુત ને અનોખુ સર્જન છે. ૧૯૭૭માં પપ્પાજીએ સૂત્ર આપ્યું – સંબંધવાળામાં મહારાજ જુવો. આપણી સાથે રહેનારા કેટલા મોટા છે તેનું આપણને દર્શન નથી. પપ્પાજી પોતાની તાકાતે, સંકલ્પે દરેકની અંદર કામ કરી રહ્યા છે. દરેકના પ્રારબ્ધ વાપરી આગળ લઈ જ રહ્યા છે. ક્યારે કયો મુક્ત દોડશે તે આપણને ખબર નથી. બધા જ પપ્પાજીએ ઘડેલા સ્વરૂપો છે. ને આપણને પણ ઘડી રહ્યા છે. આપણી માયિક દ્રષ્ટિ છે. આ સ્વરૂપો અમાયિક છે, દિવ્ય છે. એમનામાંથી બ્રહ્મના તરંગ વહેતા હોય છે. તેને લીધે આપણી પણ પ્રગતિ થાય છે. આપણે આપણા દોષ સ્વીકારીએ, સામાનો ગુણ લઈએ તેવી દિવ્ય દ્રષ્ટિ કરી આપજો તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** ગુરુએ વચન શું આપ્યું? તે લઈને જવાનું. જે આપણા જીવનમાં કામ લાગે. જો કાંઈ ન લીધું હોય તો સભામાં શું વાત થઈ તે જાણી લેવું, ને તેમાંથી લેવું. દોષ જોવાની દ્રષ્ટિ હોય તેને ગુણ જોવાની ટેવ પાડવી. પુણ્યની કમાણી કરી લેવી. આપણી કમાણી આપણને કામ લાગશે. જે શબ્દ આપણને તાકાત આપે, આત્માને બળ આપે તે લઈ લેવા ને તે રીતે જીવન બનાવીને આ જન્મ સફળ કરી લઈએ. જય સ્વામિનારાયણ.

## તા.૮.૮.૨૦૨૬ : વાર્ષિક મહાપૂજા સ્મૃતિદિન નિમિત્તે મહાપૂજા...

અખિલ ગુણાતીત સમાજમાં સૌ પ્રથમ શ્રાવણ સુદ-૧, તા.૮.૮.૧૯૬૪ના શુભ દિને ગુરુહરિ પપ્પાજી મહારાજની દિવ્ય પ્રેરણાએ ધામ, ધામી, મુક્તોની નિષ્કામભાવની મહાપૂજાનો પ્રારંભ, તારદેવ તીર્થધામે પ.પૂ.હંસાદીદી દ્વારા થયો. આ દિવસથી સમગ્ર ગુણાતીત સમાજના સૌ ભક્તોની તન, મન, ધન, આત્માથી રક્ષા થાય, સમગ્ર સત્સંગ સમાજમાં શાંતિ ને દિવ્યતાનો પ્રવાહ વહે, સૌને એવો બુદ્ધિયોગ મળે તેવી પ્રાર્થના નિત્યે પ્રત્યે સૌ ગુરુસ્વરૂપો ને જ્યોતના બહેનો મહાપૂજામાં પ્રાર્થના કરે છે. આમ સૌ સંબંધમાં આવેલા એકાંતિક ધર્મ સિદ્ધ કરી સદાયના સુખિયા થાય તેવી કૃપામાં આપણો નંબર લાગી ગયો. એ જ મહાભાગ્ય !

આજે મહાપૂજા સ્મૃતિદિન. આ શુભ દિને દિલ્હીથી પ.પૂ.ગુરુજી મહારાજ ભક્તો સહિત પધારવાના હોવાથી પ.પૂ.હંસાદીદીએ આજની મહાપૂજા પ.પૂ.ગુરુજી મહારાજના સાંનિધ્યે થાય તેવા અનોખા આયોજનની ગોઠવણ કરાવી. પપ્પાજી હોલના સ્ટેજ પર ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ સાથે પ.પૂ.ગુરુજી મહારાજ બિરાજમાન થાય ને સ્ટેજ ઉપર પૂ.ઈલેશભાઈ, પૂ.હરીશભાઈ, પૂ.બેચરભાઈ યજમાન પદે બિરાજી મહાપૂજા કરે અને પપ્પાજી હોલના મધ્યભાગે બહેનો યજમાન પદે બિરાજી મહાપૂજા કરે તેવું આયોજન ગોઠવ્યું. આજના આખા દિવસનું સમગ્ર આયોજન પ.પૂ.માયાબેનના નેતૃત્વ હેઠળ સરસ રીતે સંપન્ન થયું.

તા.૮.૮.૨૦૨૬ના સવારે ૧૦ થી ૧ પપ્પાજી હોલમાં પ.પૂ.હંસાદીદીના સાંનિધ્યે મહાપૂજા થઈ. વિશેષમાં દિલ્હીથી પ.પૂ.ગુરુજી મહારાજ, પ.પૂ.આનંદીદીદી તથા ભક્તો પધાર્યા હતા તેઓએ પણ આ મંગલ અવસરનો લાભ માણ્યો.

શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.હંસાદીદી અને પ.પૂ.આનંદીદીદીને સ્વાગતભાવ ધરી સૂત્રબંધન કર્યા. પૂ.ઈલેશભાઈ, પૂ.હરીશભાઈ, પૂ.બેચરભાઈએ અને બહેનોમાં પૂ.કલ્પુબેન દવે, પૂ.નીમુબેન સાકરિયા, પૂ.કાજુબેને ખૂબ ભક્તિભાવે મહાપૂજા વિધિ કરી. પૂ.ઈલેશભાઈએ સંકલ્પ વાંચન, પ્રાર્થનાના ભાવ પ્રભુને ધર્યા. ત્યાર બાદ થાળ, આરતી કર્યા. અનિર્દેશ ને અખિલ ગુણાતીત સમાજના મંડળધારીઓની નામાવલિ, ગુણાતીત જ્યોત સાથે જોડાયેલા ભક્તોની નામાવલિનું વાંચન ઈલેશભાઈ અને બહેનોએ કરી સ્વામિનારાયણ ભગવાન અને પ્રત્યક્ષ સ્વરૂપોના ચરણે સર્વે પ્રકારની સુખાકારીના પ્રાર્થનાભાવ ધર્યા. ત્યારબાદ મહિમાગાન તેમજ ગુરુહરિના આશિષ લીધા તેનો સાર માણીએ.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ :** આપણા જેવું કોઈ નસીબદાર નથી. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ્યા ને ગુણાતીત સ્વરૂપોને સાથે લાવ્યા. આપણને દૂરંદેશી, આર્ષદ્રષ્ટા સ્વરૂપોની ભેટ મળી. યોગીજી મહારાજે કાકાજીને સાક્ષાત્કાર કરાવ્યો. પપ્પાજી આફ્રિકાથી અહીં આવ્યા. પપ્પાજી મહારાજ ભવ્યાતિ ભવ્ય સ્વરૂપ. આપણે વિમુખ થવાના બે વર્ષ પહેલા પપ્પાજીએ મહાપૂજા શરૂ કરાવી. પછી જે પ્રસંગો બનવાના હતા તેમાં આપણને બળ મળે તે માટે પપ્પાજીએ જે કોઈ ચૈતન્ય આવે તેને સાધનામાં બળ મળે તે માટે નિષ્કામ મહાપૂજા હંસાદીદી પાસે શરૂ કરાવી.

કરોડો વંદન તો જ્યોતિબેન, તારાબેનને કે નાની ઉંમર જ હતી ને જાહેર કર્યું કે અમે ભગવાન ભજીશું. તો અત્યારે અનેક એકાંતિક બહેનો મળ્યા. આપણી નિષ્ઠા વધે છે તે આ મહાપૂજાના પ્રતાપે. પપ્પાજીએ નાનામાં નાની વસ્તુની ગોઠવણી કરી. ઘણા મુક્તોને તો ખબર પણ ન હોય કે તેને માટે પ્રાર્થના થાય છે. તેમના આશીર્વાદથી જીવનમાં પ્રગતિ થઈ રહી છે.

આજે દિલ્હી મંડળના મુક્તો પધાર્યા તેનો આનંદ છે. પપ્પાજી મહારાજને, હંસાદીદીને પ્રાર્થના કે આવી મહાપૂજાના પ્રતાપે બધુ છે. તો જે કરીએ તેનો અમને અહંકાર ન આવે, અમે દાસના દાસ બનીને એમની ભક્તિરૂપ સેવા કરતા થઈ જઈએ.

ત્યાર બાદ પૂ.બેચરભાઈએ પૂ.સ્મૃતિબેન દવે રચિત ભજન 'ખૂબ સુખિયા કર્યા...' ગાયું.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** આજે આપણને ગુરુજીના દર્શનની તાણ હતી. પણ નાનપણથી ગુરુજી ગતકડાં કરતા આવ્યા છે. એમના આશીર્વાદ આપણને મળત પણ તબિયત સારી નથી તો પધાર્યા નથી.

આજે આપણી મહાપૂજાનો દિવસ. વર્ષો પહેલા ઈ.સ.૧૯૬૪માં પપ્પાજીએ પ્રારંભ કરાવ્યો. મને શીખવાનું કહ્યું. મહાપૂજા જ્યારથી શરૂ થઈ ત્યારથી પરમહંસોના નામ બોલાતા. થોડા દિવસ પછી મેં પપ્પાજીને કહ્યું જેને ઓળખતી નથી તેમને બળ આપવાની પ્રાર્થના કરવાનું મને ફાવતું નથી. ને તેમની પ્રેરણાથી પ્રત્યક્ષ સ્વરૂપોના નામ બોલવાના શરૂ કર્યા. પપ્પાજીએ હંમેશા નવું જ કાર્ય કર્યું છે. કાકાજીએ કહ્યું ને પપ્પાજીએ બાપાને પૂછ્યું કે બહેનો શું કરે ? બાપા કહે, ભગવાન ભજે. તમારે એ કાર્ય કરવાનું છે. પપ્પાજીએ આજ્ઞા સ્વીકારી

પછી આખું મંડળ તૈયાર થયું. રોજ રાત્રે હરિભક્તો આવે ને કાકાજી, પપ્પાજી સભા કરે. પપ્પાજી કહે, આ બધા આવે છે તો તેમને એકાંતિક ધર્મ સિદ્ધ થાય, બળ મળે તેવી મહાપૂજા શરૂ કરાવીએ. અને શ્રાવણ સુદ-૧ તા.૮.૮.૧૯૬૪ના મહાપૂજા શરૂ થઈ. તે આજ દિન સુધી ચાલુ છે. દરેક સેન્ટર પર દરેક પ્રસંગે મહાપૂજા થાય છે. આ પપ્પાજી મહારાજનું દિવ્ય અલૌકિક કાર્ય ચાલુ છે ને ચાલુ રહેશે.

ગુરુજી ! તમે આજની તારીખ પસંદ કરી. તમે લીલા સ્વરૂપ છો. આજે બીમારીનું આવરણ બતાવ્યું. હવે દેહને સાચવજો. દેહની કિંમત તમને નથી પણ સમાજ માટે જરૂરી છે. તો તમે આખા સમાજ પર આશીર્વાદની વર્ષા કરજો. તમે સાજાસમા થઈને દર્શન આપવા જ્યોતમાં આવજો તેવી પ્રાર્થના છે.

ત્યાર બાદ પ.પૂ.હંસાદીદીએ પ.પૂ.આનંદીદીદીને સ્મૃતિભેટ અર્પણ કરી.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ:** નિષ્કામભાવની, નિર્દોષબુદ્ધિની મહાપૂજા તા.૮.૮.૬૪ના શરૂ કરી. બધા ય મંદિરોમાં મહાપૂજા થાય. આપણા મનોરથ પૂરા કરવા માનતા માનીએ તે મહાપૂજા. શ્રદ્ધાપૂર્વક માનતા કરીએ તે મહાપૂજામાં તત્કાળ પૂરી થાય. મહાપૂજા એટલે પ્રત્યક્ષ ભગવાનના ધારકો તેની પૂજા. બધાને જીવનમુક્ત માનીએ એમની મહાપૂજા બા સ્વરૂપ, બેન સ્વરૂપ, કાશીબા સ્વરૂપ, જ્યોતિબેન આવાહ્યામિ સ્થાપયામિ. સાક્ષાત સ્વરૂપો બિરાજો. શ્રદ્ધા હોય તો તે ફોટો ન રહે, મૂર્તિ બને. જેના નામ બોલું છું તેને નિર્દોષબુદ્ધિ દ્રઢ કરી આપજો. આવી મહાપૂજા દીદીએ ૮.૮.૬૪ના તારદેવમાં શરૂ કરી.

અત્યાર સુધી આપણે મનોરથ પૂરો કરવા મહાપૂજા માટે કહેવું પડતું. એકાંતિકના જીવમાં જે જે મુક્તો છે તે બધાને નિર્દોષબુદ્ધિ દ્રઢ કરી આપો તેવી પ્રાર્થના કરે છે. બીજાને માટે તેવી ભાવના કરો તો તમે પોતે અક્ષરરૂપ થઈ જશો. જે જે જીવોને સંબંધ છે તે નિર્દોષ બની સુખે સાનંદભર્યા સરળ ને સચોટ માર્ગે આગળ જાય. ૫૧ ભૂતમાં નિષ્ઠા થઈ જાય ને નિર્દોષબુદ્ધિ રહે તેવી પ્રાર્થના મહાપૂજામાં શરૂ કરી.

આ સદ્‌ગુરુઓ અક્ષરપુરૂષોત્તમના સ્વરૂપો છે. તેને ઓળખવા માટે એવા ને એવા સાધુ સ્વરૂપોનો સમાગમ કરવો. તે સ્વરૂપો મહાપૂજા કરે છે. આપણે પ્રાર્થના કરવી કે, એ ગુરુ જેવા ગુણ પ્રાપ્ત કરવા તેવા સાધુનો સમાગમ કરાવો, એનો પ્રસંગ કરી નાખવાનું બળ આપો. એ સાધુ જ્યારે ટોકે ત્યારે તેનો ગુણ લઉં એવું કરજો. ૧લાનું ૧લું વચનામૃત લીલા કેમ દેખાતી નથી ? વચ.છે.૨૬માં તેના કારણો આપ્યા છે. જે સાધુનો સમાગમ કરીએ છીએ તે દોષ બતાવે ત્યારે એનો અભાવ લઈએ. એ કહેતા ડરે, સાચવવું પડે તેને કારણે દ્રઢ સત્સંગ નથી થતો.

હવે આચારસંહિતા પ્રમાણે વર્તવા માટે સાધુનો સમાગમ કરીએ. બધાએ ભગવાન ધારતા થવું છે. પ્રેક્ટીસ કરીએ. બધા સદ્ય સિદ્ધ સાધના માર્ગે આ ઘડીથી જ અક્ષરધામનું સુખ ભોગવતા થઈ જાય. આપણા તરફ સાધુની દ્રષ્ટિ સામા તરફ ભગવાનની દ્રષ્ટિ રાખી મહામાનવ તરીકે જીવીએ. તેવી મહાપૂજા કરીએ.

## તા.૮.૮.૨૦૨૬ મહાપૂજા સ્મૃતિદિને પ.પૂ.ગુરુજી મહારાજની (દિલ્હી) પધરામણી

પ.પૂ.ગુરુજી મહારાજ સાંજના ૪.૩૦ વાગે ગુણાતીત જ્યોતમાં પધાર્યા. સૌ પ્રથમ પ્રભુકૃપા તીર્થધામમાં ગુરુહરિ પપ્પાજી મહારાજના દર્શન કરી, જ્યોત પંચામૃત હોલમાં હિંડોળાના દર્શન કરી, પપ્પાજી હોલમાં સ્ટેજ પર બિરાજમાન થયા.

આવાહ્‌ન શ્લોકથી સભાનો આરંભ થયો. ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈએ સભાનું સંચાલન કરતાં ગુરુહરિ પપ્પાજી મહારાજ અને ગુરુજીની ટૂંકમાં સ્મૃતિઓ કરાવી. તારદેવના સાધના મંદિરમાં માહાત્મ્યની ગંગોત્રી શરૂ થઈ એ દિવ્ય સ્થાનમાં ગુરુહરિ પપ્પાજી મહારાજે પ.પૂ.હંસાદીદી પાસે મહાપૂજા શરૂ કરાવી એ મંગલ અવસરને આજે ૬૨ વર્ષ પૂરા થયા તે સ્મૃતિ સાથે આજે સવારે પ.પૂ.હંસાદીદી અને સૌ સ્વરૂપોના સાંનિધ્યે મહાપૂજા કરી. અત્યારે ગુરુજી તમે દર્શન, આશિષ દેવા પધાર્યા તો ખૂબ આનંદ થયો. વિશેષમાં ગુરુજી, તમને પ્રાર્થના છે કે, તમે તંદુરસ્ત ૧૦૧ વર્ષ રહો ને દર્શન, આશિષ આપતાં રહો. તે અમારો ભાવ સ્વીકારજો.

ત્યારબાદ પ.પૂ.ગુરુજી મહારાજને હાર અર્પણ કરી સાથે પધારેલા મુક્તોને નાડાછડી બાંધી સ્વાગત્યાં.

ત્યારબાદ પૂ.ઈલેશભાઈએ 'મૂર્તિમાં મ્હાલે રે...' કીર્તનમાં સૌને લીન કર્યા. ત્યારબાદ પૂ.વિરેનભાઈએ લાભ આપતાં વાત કરી કે, ગુરુજી તમે પધારવાના છો તે સમાચાર મળતાં પ.પૂ.હંસાદીદીએ આખી સભાનું સુંદર આયોજન કરાવ્યું. ને તમારા દર્શન, આશિષનો લાભ મળે તે રીતે ગોઠવણ કરાવી. બંને સ્વરૂપોની અરસ પરસ શબ્દ વિનાની જે અનુભૂતિ અમે કરી રહ્યાં છીએ તેનું શબ્દોમાં વર્ણન કરવાનું બહુ મુશ્કેલ છે. તમે સંતો, મુક્તો સાથે પધાર્યા ખૂબ આનંદ છે. બસ બેઠા રહીએ, દર્શન કરતાં રહીએ, વાત સાંભળતા રહીએ. સવારે દીદીએ દેહ સાજો રાખવા તમને પ્રાર્થના કરી છે તો હવે નો મેડિકલ ફાઈલ. હંમેશા આપના દર્શન નિરામય દેહમાં વર્ષો સુધી કરવા છે તેવી અમારી ભાવના તમારા ચરણોમાં ધરીએ છીએ.

**આશીર્દાન પ.પૂ.ગુરુજી મહારાજ :** આજે વિદ્યાનગર આવવાનું થયું ત્યારે મારા મનમાં સ્મૃતિ પ્રસંગોની હારમાળા શરૂ થઈ ગઈ. આવા સ્વરૂપો સાથે સંબંધ થયો છે. તે આપણી સ્મૃતિમાં અખંડ રહે. આજીવન કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજીને આપણે સદા જીવંત રાખીએ એ જ પ્રાર્થના. મારો ૧૩મી માર્ચના ૯૦મો જન્મદિવસ છે તો હંસાદીદી ને આપ સૌ દિલ્હી પધારજો ને સેવાનો લાભ આપજો. આશીર્વાદ આપજો.

**આશીર્દાન પ.પૂ.હંસાદીદી :** આપણું તારદેવનું એ સાધના મંદિર ૬/ડી સોનાવાલા. જ્યાં કાકાજી મહારાજ, પપ્પાજી મહારાજ અને બા જેણે સાધનાનો પ્રારંભ કરાવ્યો. જેમાં આ ગુરુજી દિલીપભાઈ તરીકે રોજ આવતા હતા. તેમને સરસ નોકરી મળેલી. ને જ્યારે જોગીબાપાએ તેમને સાધુ થવા પસંદ કર્યા ત્યારે અમને બધાને થયું કે, આ દિલીપભાઈ જ્યારે મોટા થશે ત્યારે કેવો તેમનો પ્રભાવ હશે ! આ બધી અંતરની વાતો છે. ગુરુજીને જોયા છે એટલું જ નથી, જાણ્યા પણ છે. ગણેશપુરીની શિબિરમાં પપ્પાજીએ મુક્તોનું લીસ્ટ બનાવેલું તેમાં આ ગુરુજી – દિલીપભાઈનું નામ મુકુન્દ લખેલું. અત્યારે આપણે જોઈએ છીએ કે એ ધનપ્રસાદનો દીકરો પણ ભગવાનનો મુકુન્દ છે. ને તેમની દ્રષ્ટિમાં એક ભગવાન આપવા સિવાય બીજો સંકલ્પ, વિચાર છે જ નહીં. એવા ગુરુજી આજે બીમાર હતા તો સવારે પધાર્યા નહોતા. અત્યારે ગુરુજી દર્શન દેવા પધાર્યા. દર્શન કરી આનંદ આનંદ થઈ ગયો. એમના આશીર્વાદ કામ કરે છે તો હે ગુરુજી મહારાજ ! સાધકો જ નહીં પણ ગૃહસ્થો જે આપણી સાથે રહી સ્વરૂપોને પ્રસન્ન કરવા જીવી રહ્યાં છે એ સૌને બળ આપજો, શક્તિ આપજો. અને પ્રત્યક્ષનું કાર્ય કરવાનો ઉમંગ, ઉત્સાહ, આનંદ આપજો. અમારે તમારી પાસેથી આશીર્વાદ સિવાય કાંઈ જોઈતું નથી. તો આશીર્વાદ આપ્યા કરજો. જય સ્વામિનારાયણ.

આમ દર્શન, આશિષ માણ્યા બાદ સભાનું સમાપન કર્યું.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ માણાવદરના જૂના સેવાભાવી મુક્તરાજ પૂ.છગનભાઈ અરજણભાઈ ઝાલાવાડિયા તા.૬.૮.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



અરજણભાઈનું આખું કુટુંબ સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના રાખીને સત્સંગ પ્રધાન જીવન જીવી રહ્યું છે. માતા દૂધીબેન પણ એવા જ ભક્તિભાવવાળા હતા. તેઓનું જીવન એટલે સાધુ-સંતોની સેવા. છગનભાઈ જન્મથી સત્સંગી હતા. શ્રી યોગીજીમહારાજનો યોગ થયો હતો તો તેઓ ગોંડલ સેવા કરવા જતાં. ને કાકાજી-પપ્પાજીના જોગમાં આવ્યા. માણાવદરમાં થતાં સમૈયા, ઉત્સવો, શિબિરોમાં મહિમાથી ભાગ લઈ સેવા કરતાં. છગનભાઈ ખૂબ છૂપા અને રાંક પ્રકૃતિના હતા. તેમની ભક્તિના મૂળ ઉંડા હતા. બહાર તે દેખાય નહીં પણ પ્રભુ સાથે જોડાણ ખૂબ મજબૂત હતું. ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.મનીબેનને આગળ રાખીને કાર્ય કરતાં. મનીબેનને ગુરુભાવે સ્વીકારી તેમની નાની-મોટી આજ્ઞા સહર્ષ સ્વીકારીને પાળતાં. છગનભાઈ ટૂંકા ગાળાની બીમારીમાં દેહથી અલિપ્ત રહી અખંડ પ્રભુ સ્મરણ કરતાં. તેમના ચહેરા પર પ્રાપ્તિનું સ્મિત હતું. દુ:ખની કોઈ ફરિયાદ જ નહીં. એમ દેહ ને આત્મા નોખા રાખીને કેવળ પ્રભુમય તેમનું મન રાખતાં. કથાવાર્તા સાંભળવી, ધૂન, ભજન, માળા કરવા એ મુખ્ય વ્યસન હતું. એવા બલિષ્ઠ ભક્તરાજ પૂ.છગનભાઈએ ભક્તિમય જીવન જીવીને જન્મ સફળ કર્યો.

પૂ.છગનભાઈના ત્રણ બહેનો પૂ.જયાબેન, પૂ.મુક્તિબેન, પૂ.અર્ચનાબેન ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજીને પ્રભુનું કાર્ય પ્રભુની રીતે કરી ભક્તિ અદા કરી રહ્યાં છે. તેમના ભાઈ પૂ.દિનેશભાઈ અનુપમ મિશનમાં ભગવાન ભજે છે. પૂ.છગનભાઈના ધર્મપત્ની પ્રભાબેન તથા દીકરો અભય પણ પાકી નિષ્ઠાએ જીવન જીવે છે. તો સૌ કુટુંબીજનોને ખૂબ ખૂબ બળ મળે તેવી શ્રીજી મહારાજ તેમજ ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણે પ્રાર્થના.

## Notebook Distribution 2026

Notebook Distribution was successfully carried out by Shree Gunatit Jyot Mahila Trust from May 2026 to July 2026. The initiative was aimed at empowering school children and youth, supporting underprivileged learners, and encouraging academic progress.

The trust distributed notebooks to 603 students across many places in Gujarat namely Ahmedabad, Rakot, Morbi, Jamnagar, Surat, Nadiad, Baroda, Valsad, Idar, Halol, Rameshwara, Hadbiya, Dabhan & other places like Mumbai, Pune and Hyderabad. Each student from class 4th to college level received 6 long notebooks.

This effort was highly appreciated by the students and parents. By providing these foundational tools, we aim to help students focus on their studies without the added burden of material costs. We extend our heartfelt gratitude to all our volunteers and sponsors who made this drive possible.

### વિશેષ નોંધ

વર્ષ ૨૦૨૬, નવેમ્બરમાં નીચેના ઉત્સવો બૃહદ ગુણાતીત સમાજ ભેળા મળીને ઉજવીશું.

**ગુરુહરિ પપ્પાજીમહારાજનો**
**૧૧૦મો પ્રાગટ્યદિન**
**'શાશ્વત સંકલ્પ પર્વ'ની ઉજવણી**
**તા.૨૯મી નવેમ્બર, ૨૦૨૬**
**રવિવાર**

**પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન**
**'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી**
**તા.૩૦મી નવેમ્બર, ૨૦૨૬**
**સોમવાર**

આ પર્વોની કેલેન્ડરમાં નોંધ કરી લેવા વિનંતી.




## Notebook Distribution 2026





તા.૧૬.૭.૨૦૨૬ : રક્ષાપ્રસાદીની મહાપૂજા...













તા.૧૮.૭.૨૦૨૬ : યુ.કે.માં અનુપમ મિશન સ્થિત 'ૐ ક્રિમેટોરિયમ' અંત્યેષ્ટિ સંસ્કાર સ્થાનના લોકાર્પણ નિમિત્તે મહાપૂજા...



## તા.૮.૮.૨૦૨૬ : વાર્ષિક મહાપૂજા સ્મૃતિદિન નિમિત્તે મહાપૂજા...



















વાર્ષિક મહાપૂજા સ્મૃતિદિને પ.પૂ.ગુરુજી મહારાજ(દિલ્હી)ની પધરામણીની સ્મૃતિ પળો...























|| સ્વામિશ્રીજી || || જય પપ્પાજી ||

## હાર્દિક નિમંત્રણ

**શાશ્વત સ્વરૂપે સદાય પ્રત્યક્ષ રહી, શાશ્વત સંકલ્પના કૃપાદોરે બાંધી અખિલ ગુણાતીત સમાજના ચૈતન્યોનું પ્રાર્થના, ભજનથી જતન કર્યું છે**

# એવા આપણા સૌના પ્રાણાધાર ગુરુહરિ પપ્પાજી મહારાજનો

# ૧૧૦મો પ્રાગટ્યદિન

તારીખ : ૩૦મી ઓગષ્ટ ૨૦૨૬, રવિવારના ઉજવીશું.

સમય : સવારે ૯:૩૦ થી...

**આ ઉત્સવનો લાભ લેવા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર**

**સભા સમાપન બાદ મહાપ્રસાદ**

**લાઈવ દર્શન : www.gunatitjyot.org**

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



બ્રહ્માનંદી તેજ સ્વરૂપ રહી
પરબ્રહ્મની ભક્તિ નિરંતર કરી છે
એવાં પ.પૂ.દેવીબેનનો
૯૦મો પ્રાગટ્યદિન
'બ્રહ્માનંદી તેજ પર્વ'

તા.૨૬.૮.૨૦૨૬, બુધવાર
સાંજે ૪:૪૫ થી ...

તા.૨૭.૮.૨૦૨૬, ગુરુવાર
સવારે ૯:૩૦ થી ...



સ્વના અસ્તિત્ત્વને
પરબ્રહ્મમાં લીન કરી
બ્રહ્મસ્વરૂપ બની ગયાં
એવાં પ.પૂ.બેનનો
સ્વરૂપાનુભૂતિદિન

તા.૨૯.૮.૨૦૨૬, શનિવાર
સાંજે ૪:૩૦ થી ...

આ બંને ઉત્સવની ઉજવણીનો લાભ લેવા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર
સભા સમાપન બાદ મહાપ્રસાદ

લાઈવ દર્શન : www.gunatitjyot.org

Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India